**આજનો સુવિચાર**

વિચારોથી મુક્ત રહો પરંતુ મૂલ્યોથી બંધાયેલા રહો

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com


# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૦૭ જૂનાગઢ તા.૧૮-૦૪-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 107, Junagadh : Date : 18 April, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# હજુ બે દિવસ ગુજરાત અગનભઠ્ઠીમાં શેકાશે




## જૂનાગઢ - ભાવનગર જિલ્લામાં હીટવેવની આગાહી

અમદાવાદ તા. ૧૮

ગુજરાત છેલ્લા ત્રણ દિવસથી અગનભઠ્ઠી બન્યું છે. ઉત્તર-પૂર્વના ગરમ પવનો સીધા જમીન તરફ આવતાં અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગનાં શહેરોમાં ગરમી અત્યંત વધી ગઈ છે. ગઈકાલે અમદાવાદમાં સિઝનનું સૌથી વધુ ૪૨.૨ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે રાજ્યનું સૌથી વધારે તાપમાન અમરેલીમાં ૪૪ ડિગ્રી નોંધાયું હતું. આજે પણ રાજ્યના મોટા ભાગના શહેરોમાં ૪૦ ડિગ્રીને પાર તાપમાન નોંધાવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યું મુજબ, હજુ આગામી બે દિવસ ગરમીનું જોર યથાવત્ રહેશે.

રાજ્યમાં અમરેલી સૌથી ગરમ શહેર સાબીત થયું છે. ગઈકાલે અમરેલીમાં ૪૪ ડીગ્રી અસહ્ય તાપમાન નોંધાયું હતું આજે પણ અમરેલી વિસ્તારમાં તાપમાનનો પારો ૪૪ ડીગ્રી આસપાસ રહેશે. અમરેલી ઉપરાંત મહુવા, વડોદરા, સુરેન્દ્રનગર, રાજકોટ, કંડલા, સુરતમાં ઉષ્ણતામાનનો પારો ૪૨ ડીગ્રી રહેવાની ધારણા છે. આજે ગુજરાતમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જૂનાગઢ અને ભાવનગરમાં હીટવેવની આગાહી છે.

# આવતીકાલે પ્રથમ તબક્કામાં લોકસભાની ૧૦૨ બેઠકો પર મતદાન



નવી દિલ્હી તા. ૧૮ : લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાનો જાહેર ચૂંટણી પ્રચાર ગત સાંજે સમાપ્ત થઈ ગયો છે. પ્રથમ તબક્કામાં આવતીકાલે ૨૧ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૧૦૨ બેઠકો માટે મતદાન થશે. ૮ કેન્દ્રીય પ્રધાનો, બે ભૂતપૂર્વ મુખ્ય પ્રધાનો અને ભૂતપૂર્વ રાજયપાલ એવા નેતાઓમાં સામેલ છે જેમના ચૂંટણીના ભાવિનો પ્રથમ તબક્કામાં નિર્ણય કરવામાં આવશે. પ્રથમ તબક્કાની સીટોમાં રાજસ્થાનની ૨૫માંથી ૧૨ સીટો, મધ્યપ્રદેશની ૨૯માંથી ૬, છત્તીસગઢની ૧૧માંથી એક, ઉત્તરપ્રદેશની ૮૦માંથી ૮ અને મહારાષ્ટ્રની ૪૮માંથી પાંચ સીટોનો સમાવેશ થાય છે. જયારે તમિલનાડુની તમામ ૩૯ બેઠકો માટે મતદાન થશે. આવતીકાલે ૧૯ એપ્રિલના રોજ સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન થશે.

# કલાયમેટ ચેન્જ વૈશ્વિક અર્થતંત્રને મરણતોલ ફટકો મારશે
# વિશ્વનાં તમામ દેશોની સરેરાશ આવક ૧૯ ટકા ઘટશે

નવી દિલ્હી,તા.૧૮

કલાયમેટ ચેન્જના પ્રભાવ હેઠળ વિશ્વભરનાં દેશોમાં હવામાનમાં અસામાન્ય બદલાવ થતા રહ્યા છે.હવે તેનો અર્થતંત્રને મોટો ફટકો લાગી શકે છે. ૨૦૫૦ સુધીમાં વાતાવરણનાં આ ઘટનાક્રમોની અસરથી વૈશ્વિક આવકમાં ૧૯ ટકાનો ઘટાડો થઈ શકે છે. ભારતને લાગે વળગે છે ત્યાં સુધી આવક ૨૨ ટકા ઘટી શકે છે.

સંશોધન રીપોર્ટમાં એમ જણાવવામાં આવ્યુ છે કે, વાયુ મંડળમાં અગાઉથી મૌજુદ ગ્રીનહાઉસ ગેસ તથા સામાજીક-આર્થિક કનેકશનને કારણે વૈશ્વિક આવકમાં ઘટાડો શકય છે. અર્થતંત્રનો આ ફટકો દુનિયાનાં તમામ દેશોને લાગશે.

ભારતની વાત કરવામાં આવે તો ૨૨ ટકાનો ફટકો પડશે. જે વૈશ્વિક સરેરાશ કરતા ત્રણ ટકા વધુ હશે.કાર્બન ઉત્સર્જનમાં આજથી કાપ મુકવાનું શરૂ થાય તો પણ અર્થતંત્રની વિપરીત અસરમાંથી બચી નહીં શકાય અને ૨૦૫૦ સુધીમાં વૈશ્વિક અર્થતંત્રમાં આવક ૧૯ ટકા ઘટવાનું નિશ્ચિત છે.

જર્મનીના પોટસડેમ ઈન્સ્ટીટયુટ ફોર કલાયમેટ ઈમ્પ્લેટ રીસર્ચનાં વૈજ્ઞાનિકો દ્વારા છેલ્લા ૪૦ વર્ષ દરમ્યાન દુનિયાભરના ૧૬૦૦ થી વધુ ક્ષેત્રોનાં જલવાયું પરિવર્તન સંલગ્ન આર્થિક અસરોનો અભ્યાસ કરીને આ સંશોધન રીપોર્ટ તૈયાર કર્યો છે. રીપોર્ટમાં એમ કહેવાયું છે કે, ઉતરીય અમેરિકા, યુરોપ સહીત મોટાભાગનાં ક્ષેત્રોમાં આવકમાં મોટો ઘટાડો થવાનું અનુમાન છે.

દક્ષિણ એશીયા તથા આફ્રિકા સૌથી વધુ પ્રભાવીત થશે. વૈશ્વિક વાર્ષિક નુકશાનનું અનુમાન ૨૦૫૦ સુધીમાં ૩૮ ખરબ ડોલરનું ગણાય છે. જેની સંભવીત રેન્જ ૧૯ થી ૫૯ ખરબ ડોલરની અંદાજાય છે. જેમાં કાયમી ગરમ પ્રદેશોનાં દેશો સૌથી વધુ પ્રભાવીત થશે. વૈજ્ઞાનિકોનાં કહેવા પ્રમાણે જલવાયું પરિવર્તનની આવતા ૨૫ વર્ષોમાં દુનિયાભરનાં તમામ દેશોમાં અસર થવાનું સુચવાય રહ્યું છે. જર્મની, ફ્રાંસ, અમેરિકા જેવા વિકસીત દેશો પણ તેમાંથી બચી નહીં શકે.આ નુકશાનને રોકવા માટે બહુ મોટા પ્રયાસો કરવા પડે તેમ છે. ઉત્સર્જનમાં મોટો ઘટાડો કરવો પડશે. અન્યથા ૨૧૦૦ સુધીમાં વૈશ્વિક આર્થિક આવક નુકશાન ૬૦ ટકાએ પહોંચી જશે.

# ‘‘હું રાજકોટ બેઠક પરથી જ ચૂંટણી લડીશ’’
# રૂપાલાએ તમામ અફવાઓ પર પૂર્ણવિરામ મુકયું

રાજકોટ,તા.૧૮

ગુજરાતમાં ભારે હોટટોપીક બની ગયેલી રાજકોટ લોકસભા બેઠક પરના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજના વિરોધના પગલે સર્જાયેલા રાજકીય તોફાનમાં હવે રૂપાલાએ તેમની ઉમેદવારી પાછી ખેંચવા મોવડીમંડળ પાસે મંજુરી માંગી છે




તેવા ગઈકાલ સાંજથી પ્રસરી રહેલા અહેવાલ બાદ આજે પરસોતમ રૂપાલાએ આ પ્રકારના અહેવાલ અફવા હોવાનું સ્પષ્ટપણે જણાવ્યું હતું.

તેઓ રાજકોટ લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે ચુંટણી લડી જ રહ્યા છે તેવું જણાવ્યું હતું કે રૂપાલાની ટિકીટ રદ કરવાની અથવા તો તેઓ ખુદ ઉમેદવારી પાછી ખેંચે તેવી ક્ષત્રિય સમાજની માંગણી અને છેલ્લા કેટલાક દિવસથી આ અંગે ચાલી રહેલા આંદોલન બાદ એક અંગ્રેજી સહિત સોશ્યલ મીડીયામાં એવા અહેવાલ ગઈકાલથી શરૂ થયા હતા કે રૂપાલાએ ખુદે ફોર્મ પાછુ ખેંચવા મોવડીમંડળ પાસે મંજુરી માંગી છે.

હવે ભાજપ પાર્લીયામેન્ટ્રી બોર્ડ તેના પર નિર્ણય કરશે. આ અંગે પરસોતમ રૂપાલાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે આ પ્રકારની અફવા ગઈકાલ સાંજથી ફેલાવવામાં આવી રહી છે પરંતુ મે ફોર્મ પાછુ ખેંચવા કોઈ મંજુરી મોવડીમંડળ પાસે માંગી નથી અને હું રાજકોટ લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે ચુંટણી લડી રહ્યો છું તે નિશ્ચિત છે. રૂપાલાની આ સ્પષ્ટતાથી તમામ અટકળો અને અફવાઓનો અંત આવે છે.

# જયાં સુધી ચંદ્ર પર કોઈ ભારતીય નહી ઉતરે ત્યાં સુધી ભારત ચંદ્ર મિશનને જાળવી રાખશે



નવી દિલ્હી તા. ૧૮

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)ના ચેરમેન એસ સોમનાથને જણાવ્યું છે કે જ્યા સુધી ચંદ્ર પર કોઈ ભારતીય નહીં ઉતરે ત્યા સુધી ભારત તેના ચંદ્ર મિશનને જાળવી રાખશે. તેમણે કહ્યું કે એજન્સી ચંદ્રયાન મિશન અને તપાસની પોતાની સિરીઝને ત્યા સુધી યથાવત રીતે આગળ વધારશે કે જ્યાં સુધી કોઈ અંતરિક્ષ યાત્રી ચંદ્રની ધરતી પર પગ ન મુકે.

એસ સોમનાથ અમદાવાદ ખાતે યોજાયેલ એસ્ટ્રોનૌટીકલ સોસાયટી ઓફ ઈન્ડિયાના એક કાર્યક્રમના મુખ્ય મહેમાન હતા. ઓગસ્ટ ૨૦૨૩માં ઈસરોના ચંદ્રયાન-૩ અંતરિક્ષ યાને ચંદ્રની સપાટીના દક્ષિણ ધ્રુવ પર સોફ્ટ લેન્ડિંગ કર્યું હતું,જેને પગલે ભારત આ સિદ્ધિ હાંસલ કરનાર સૌ પ્રથમ દેશ બની ગયો હતો. સોમનાથે કહ્યું કે ઈસરો ૨૦૨૪માં માનવ રહિત ગગનયાન મિશન, એક ટેસ્ટ વ્હિકલ ફ્લાઈટ મિશન અને એરડ્રોપ ટેસ્ટ વર્ષ ૨૦૨૪માં હાથ ધરશે.

એરડ્રોપ ટેસ્ટ ૨૪ એપ્રિલના રોજ થશે. ત્યારબાદના બે વર્ષ માનવ રહિત મિશન યોજાશે તથા ત્યારબાદ સમાનવ મિશન હાથ ધરવામાં આવશે. જો તમામ બાબત યોગ્ય રહી તો આગામી વર્ષના અંત સુધી આ અંગે પ્રગતિ સાંધવામાં આવશે.ગગનયાન પ્રોજેક્ટમાં ૩ દિવસના મિશન માટે ૩ સભ્યોની એક ટીમને ૪૦૦ કિમીના ઓર્બિટમાં લોંચ કરવામાં આવશે અને ત્યારબાદ તેમને સુરક્ષિતપણે ભારતીય સમુદ્રમાં ઉતારીને ધરતી પર પરત લાવવામાં આવશે

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સાણંદમાં રોડ-શો કર્યો : આવતીકાલે ફોર્મ ભરશે

અમદાવાદ તા. ૧૮

ગાંધીનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૧૯ એપ્રિલના રોજ ઉમેદવારી ફોર્મ ભરશે. તે પહેલાં આજે ૧૮ એપ્રિલના રોજ ગાંધીનગર લોકસભા હેઠળ આવતા સાણંદ APMC સર્કલ ખાતેથી રેલી યોજી ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કર્યા હતા. જેમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો ઊમટી પડ્યા હતા. અમિત શાહ રેલી શરૂ થવાની હતી એ સ્થળે પહોંચતા જ કાર્યકરો ઉત્સાહમાં આવી ગયા હતા અને તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. બાદમાં ફૂલોથી શણગારેલા ટ્રકમાં અમિત શાહ સવાર થઈ રેલીની શરૂઆત કરાવી હતી. આકરી ગરમીમાં પણ માનવમેદની ઊમટી પડી હતી. રેલીના રૂટ પર કેસરિયો માહોલ જોવા મળ્યો હતો. અમિત શાહે રેલીમાં ઊમટી પડેલા લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. રેલીમાં જય શ્રીરામના નારા સતત લાગ્યા હતા. રેલીનું ડ્રોન દ્વારા કવરેજ અને સુરક્ષાની દેખરેખ રાખવામાં આવી હતી.

# સોનાના ભાવમાં ભડકો થતાં ખરીદીમાં ૭૦ ટકાનો તિવ્ર ઘટાડો



મુંબઈ,તા. ૧૮: સોનાના ભાવમાં થઈ રહેલા સતત વધારાની અસર જવેલરી ઈન્ડસ્ટ્રીઝ પર પણ દેખાવા માંડી છે, કારણ કે સોનાના ભાવમાં વધારો થવાના લીધે નવી ખરીદીમાં સીધો જ ૭૦ ટકાનો તિવ્ર ઘટાડો થઈ ગયો છે. જયારે પ્રસંગમાં વ્યવહાર સાચવવા માટે ગાહકો દ્વારા જૂની જવેલરી આપીને નવી ડિઝાઈનની જવેલરી બનાવવામાં ૫૦ ટકાનો વધારો થયો છે.

સામાન્ય દિવસોમાં આ તમામ જવેલર્સ મળીને અંદાજિત પ્રતિદિન ૫૦ કરોડની આસપાસનું સોનાનું વેચાણ કરવામાં આવતું હોય છે. તેમાં પણ લગ્નસરા અથવા અન્ય સિઝન આવે ત્યારે તેમાં વધારો પણ જોવા મળતો હોય છે, પરંતુ હાલમાં ચાલી રહેલા યુધ્ધને કારણે સોનાના ભાવમાં ધરખમ વધારો થયો છે. ભાવવધારાની અસર સીધી જવેલરી ઉદ્યોગ પર જોવા મળી છે, કારણ કે પહેલા સોનાનો ભાવ ૬૦ હજારની આસપાસ હતો ત્યારે પણ ખરીદી જોવા મળતી હતી, જયારે હાલમાં તો કોઈ દિવસ એક ગ્રાહક પણ દુકાનમાં આવતો નહીં હોવાના અનુભવ અનેક જવેલર્સને થઈ રહ્યા છે.

# ચૂંટણીનાં સચોટ અનુમાન માટે પ્રખ્યાત રાજસ્થાનનું ફલોદી સટ્ટાબજાર : એશિયામાં સૌથી મોટું

નવી દિલ્હી,તા. ૧૮: લોકસભાની ચૂંટણીઓને લઈને પણ સટ્ટાબજાર પણ સજ્જ થઈ ગયું છે. આવતીકાલે પ્રથમ તબક્કાનું મતદાન થવાનું છે ત્યારે રાજસ્થાનનું ફલોદી એશિયાનું સૌથી મોટું સટ્ટાબજાર છે. આ સટ્ટાબજાર સટિકતા અને ભવિષ્યવાણી માટે દેશ-વિદેશમાં મશહૂર છે. અહીં નાનીથી મોટી દરેક વાત પર સટ્ટો લાગે છે. ફલોદી સટ્ટાબજારનું અનુમાન છે કે ભાજપને UPમાં ૬૮ ૭૦ સીટો મળવાનો અંદાજ છે. અહીં કરોડો રૂપિયાનો સટ્ટો લાગે છે. સટ્ટાનું કામ કરતા લોકો અહીં બુકી અને દલાલો દ્વારા આ કામ કરે છે. સટ્ટા માર્કેટ દેશભરમાં એકલા ભાજપની ૩૧૫થી ૩૫૫ સીટો આવવાનો દાવો કરી રહ્યા છે. રાજસ્થાનમાં ૨૨થી ૨૩ અને કોંગ્રેસની બેથી ત્રણ સીટ આવવાનો દાવો કરી રહ્યું છે. કેન્દ્રમાં ફરી એકવાર મોદી સરકારની જીત પાક્કી હોવાનું અનુમાન સટ્ટાબજારથી પણ આવી રહ્યું છે.

# રૂપાલા વિવાદની આગ રાજસ્થાન - ઉત્તરપ્રદેશ સુધી પહોંચી : ભાજપ ચિંતિત

લખનૌ તા. ૧૮

ગુજરાતમાં હોટટોપીક બની રહેલી રાજકોટ લોકસભા બેઠકમાં ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ક્ષેત્રીય સમાજ અંગે કરેલા વિધાનોનો પડઘો ફકત ગુજરાત જ નહી દેશભરમાં પડી રહ્યા છે.

ખાસ કરીને ભાજપ મોવડીમંડળને પાડોશી રાજય રાજસ્થાન તેમજ ઉતરપ્રદેશમાં રાજપૂત સમાજ દ્વારા ભાજપના બહિષ્કારનો પવન ચાલુ થયો છે તેની અસર વધુ ચિંતા કરાવે છે. પશ્ચિમ રાજસ્થાનથી લઈને પશ્ચિમ ઉતરપ્રદેશમાં મતોનું ગણીત યોગ્ય કરવા ભાજપે જાટ અને ગુર્જર સમુદાયને સાથે રાખવા અનેક રાજકીય નિર્ણયો લીધા છે.

જેમાં રાષ્ટ્રીય લોકદળને એનડીએમાં જોડવા માટે ચૌધરી ચરણસિંઘને ભારતરત્ન આપવા સહિતના નિર્ણયો લીધા પણ રૂપાલા વિવાદ ભાજપને અહી પણ પરેશાન કરી રહ્યા છે. રાજપૂતોએ જે રીતે ભાજપ સામે બળવાની સ્થિતિ બનાવી છે તે ગુજરાતમાં અને અન્ય રાજયોમાં વિપક્ષને પણ અચાનક જ ચૂંટણીમાં મદદ કરી રહી છે.


# કાળા કરતૂતોનો પર્દાફાશ : બાળકોને નેસલેનું દૂધ આપતા હોવ તો સાવધાન : ભેળસેળનો રીપોર્ટ

નવી દિલ્હી, તા.૧૮: જો તમે પણ તમારા બાળકો માટે દૂધ અને ખોરાક માટે નેસ્લે ઉત્પાદનોનો ઉપયોગ કરી રહ્યાં છો, તો સાવચેત રહો ! એક ચોંકાવનારો અહેવાલ સામે આવ્યો છે. એવું જાણવા મળ્યું છે કે નેસ્લે ભારત, અન્ય એશિયન અને આફ્રિકન દેશોમાં બાળકોને આપવામાં આવતા દૂધ અને સેરેલેકમાં ભેળસેળ કરે છે, જ્યારે યુરોપ અને બ્રિટનના બજારોમાં તે શુદ્ધ અને ભેળસેળ વગરના સેરેલેક પ્રદાન કરે છે. નેસ્લેના આ કાળા કૃત્યથી વિશ્વ આરોગ્ય સંસ્થા ગુસ્સે ભરાયેલ છે. તેમણે કહ્યું છે કે આવા ઉત્પાદનો બાળકોને શરૂઆતનાં ૬ મહિના અને બે વર્ષ સુધી આપવામાં આવે છે. ઉત્પાદનોમાં ભેળસેળ એ બાળકો માટે ખૂબ જોખમી છે. તેનાથી બાળકોના સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી શકે છે. નેસ્લે ઉત્પાદનોમાં ભેળસેળનો ખુલાસો સ્વીસ તપાસ સંસ્થા પબ્લીક આઈ અને IBFAN (ઈન્ટરનેશનલ બેબી ફૂડ એકશન નેટવર્ક) દ્વારા કરવામાં આવ્યો છે.

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા + યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

Since 1983
**શંખ મસાલા**
ગાયત્રી મસાલા
મો. ૯૪૨૮૬ ૨૩૦૨૩

- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો



# ચેતવણી
## વેસ્ટર્ન રેલ્વે

પશ્ચિમ રેલવે Western Railway

**આપણું જીવન ખૂબ કિંમતી છે**

● માનવ રહિત ફાટકને પસાર કરતા પહેલા દરેક વાહનનાં ડ્રાઈવરોએ માનવ રહિત ફાટકનાં દરેક નિયમોને ધ્યાનમાં રાખીને સાવધાનીથી રેલ્વે ફાટક પસાર કરવું જોઈએ.
● રેલ્વે ફાટક ઉપર હાજર રહેલા ગેટ મિત્ર દ્વારા સમજાવેલા નિયમોને સમજીને તમારી જીંદગી અને તમારા પરીવાર તથા તમારા વાહનોને પુરી રીતે સુરક્ષિત રાખવું.
આભાર...

રેલ્વે ફાટક પાસે તમારૂ વાહન ઉભું રાખો

નીચે ઉતરો, ફાટક પાસે જઈને ખાત્રી કરો કે...

કોઈ ટ્રેન કે ટ્રોલી તો નથી આવતી ને ?

જો ન આવતી હોય તો જ સાવધાનીપૂર્વક ફાટક ઓળંગો



રેલ્વે એકટ ૧૯૮૯ની કલમ ૧૬૧, મોટર વ્હિકલ એકટ ૧૯૮૮ની કલમ ૧૩૧, ૧૧૯, ૧૭૭ અને આઈ.પી.સી. એકટ ૧૮૬૦ની કલમ ૨૭૯નો ભંગ કરનાર સજાને પાત્ર છે.

**નિયમ :**

(૧) રેલ્વે ફાટકથી પસાર થતાં પહેલા પાંચ મીટર દૂર આપના વાહનને રાખવું જોઈએ.

(૨) રેલ્વે ફાટક પસાર થતા પહેલા આપના વાહનમાંથી નીચે ઉતરી ફાટકની બંને બાજુ જોઈને ખાત્રી કરો કે કોઈ ટ્રેન આવતી નથી ને ? પછી આપનું વાહન ફાટક પરથી પસાર કરવું જોઈએ.

મંડળ સંરક્ષા અધિકારી
પશ્ચિમ રેલ્વે - ભાવનગર પરા.

સૌજન્ય : સંરક્ષા વિભાગ, ભાવનગર મંડળ પશ્ચિમ રેલ્વે દ્વારા જનહિતમાં જારી

# માણાવદર વિધાનસભાની પેટા ચૂંટણી માટે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારે આજે દાવેદારી નોંધાવી

## આવતીકાલે ઉમેદવારી પત્રક ભરવાનો અંતિમ દિવસ : બે દિવસ માટે રહેશે ભારે ઘસારો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

લોકસભાની ત્રીજા ચરણની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા માટેનો આવતીકાલે અંતિમ દિવસ છે. ત્યારે આજે અને આવતીકાલે ઉમેદવારી પત્રક ભરવા માટે ઘસારો રહેશે.

આજે જૂનાગઢ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર હિરાભાઈ જોટવા પણ ઉમેદવારી પત્રક નોંધાવેલ છે. જયારે માણાવદર વિધાનસભાની પેટા ચૂંટણી માટે ભાજપ અને કોંગ્રેસના બંને ઉમેદવાર આજે નામાંકન પત્ર ભરવામાં આવી રહેલ છે. ભાજપના અરવિંદભાઈ લાડાણી વંથલી સભા કરીને ઉમેદવારી પત્રક ભરી રહ્યા છે. જયારે કોંગ્રેસના ઉમેદવાર હરીભાઈ સવારે ૯:૩૦ કલાકે ઉમીયા મીલ ખાતે સભા કરી અને પોતાનું ઉમેદવારી પત્રક રજુ કરી રહ્યા છે.

# મેંદરડા પંથકમાં વાડી વિસ્તારમાં ચોરીના વધુ બે બનાવ નોંધાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૮

મેંદરડા પંથકમાં વાડી વિસ્તારમાં ચોરીના વધુ બે બનાવ બનેલ છે. આ બનાવ અંગે મેંદરડા પોલીસે આપેલી વિગત અનુસાર, મુળ રાજેસર ગામના અને હાલ હરીઓમનગર, અક્ષર પરિસર-બી, બ્લોક નં-૭૦૨માં રહેતા જેન્તીલાલ લાલજીભાઈ કાનાણી(ઉ.વ.૬૪)એ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, ગત તા.૯-૩-૨૦૨૪ કલાક ૧૦ વાગ્યાથી તા.૧૨-૩-૨૦૨૪ કલાક ૧૦ દરમ્યાન ફરિયાદીની વાડીએ ખુલ્લામાં રાખેલા ખાતરના બાચકા, સીલાઈ મીશન વિગેરે મળી કુલ રૂા.૧૯ હજારના મુદ્દામાલની ચોરી અજાણ્યો શખ્સ કરી ગયો હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાવેલ છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જયારે અન્ય બનાવમાં મેંદરડા દિપાલી પાર્ક સોસાયટી ખાતે રહેતા ભનુભાઈ સમજુભાઈ જાલાણી(ઉ.વ.૭૫)એ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આજથી એકાદ મહિના પહેલા ફરિયાદીની વાડીએ મકાનની બહાર ખુલ્લી જગ્યામાં રાખેલ મોટર ચાલું કરવાનું સ્ટાટર, ફુવારા, પ્લાસ્ટીકની ખુરશી વિગેરે મળી કુલ રૂા.૧૫,૨૦૦ના મુદ્દામાલની ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા મેંદરડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભેસાણ નજીક હિંગળાજ ધામ ખાતે આવતીકાલે હોમાત્મક યજ્ઞ તેમજ ભવ્ય સંતવાણીનું આયોજન



## લોક સાહિત્યકાર હરેશદાન ગઢવી, ભગવતીબેન ગૌસ્વામી, દેવરાજ ગઢવી, કરણદાન ગઢવી, પ્રિત રાજગોર અને દિલુદાન ગઢવી સહિતના કલાકારો ઉપસ્થિત રહેશે

(રેનિશ મહેતા દ્વારા)

ભેસાણ તા.૧૮

ભેસાણના છોડવડી રોડ ઉપર આવેલ હિંગળાજ ધામ ખાતે આવતીકાલે તા.૧૯ ને શુક્રવારના રોજ હોમાત્મક યજ્ઞ તથા ભવ્ય સંતવાણી નું આયોજન કરવામાં આવ્યું છે જેની તમામ તૈયારીઓ પણ પૂર્ણ થઈ ચૂકી છે

હિંગળાજ ધામના મહંત બાલકગીરી બાપુ ના સાનિધ્યમાં આવતીકાલે તા.૧૯ ના રોજ સવારે ૮ કલાકે ધ્વજારોહણ કરવામાં આવશે. અને સાંજે ૪ કલાકે બીડુ હોમવામાં આવશે સાંજે ૬ કલાકે મહાપ્રસાદ અને રાત્રે ૯ કલાકે ભવ્ય લોક ડાયરો યોજાશે. જેમાં સમગ્ર ગુજરાત માં ખ્યાતિપ્રાપ્ત લોકસાહિત્યકાર હરેશદાન ગઢવી (શુરૂ), ભગવતીબેન ગૌસ્વામી, દેવરાજ ગઢવી (ગિર) , કરણદાન ગઢવી, પ્રીત રાજગોર અને દિલુદાન ગઢવી સહિતના કલાકારો ઉપસ્થિત રહીને પોતાની કલાના ઓજસ પાથરશે.

આ કાર્યક્રમમાં સંતો અને મહંતો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે . સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે સેવકશ્રેષ્ઠી શૈલેષભાઈ મહેતા અને નરેશદાન ગઢવી ની રાહબરી હેઠળ માં ના ભક્તો અને સેવક મિત્રો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. આ બાબતે શૈલેષભાઈ મહેતા એ જણાવ્યું હતું કે પૂજ્ય બાલકગીરી બાપુ ની ઈચ્છા હતી કે હિંગળાજ મા ના સાનિધ્યમાં મહાયજ્ઞનું આયોજન થાય. જેને લઈ ને સેવક સમુદાયના સાથ અને સહકારથી ભોજન ભજન અને ભક્તિના ત્રિવેણી સંગમસમુ આ આયોજન કરવામાં આવેલ છે.

# શું શરદી-તાવ-ઉધરસની દવા કરિયાણાની દુકાનેથી મળશે સરકાર લેશે મોટો નિર્ણય



નવી દિલ્હી,તા. ૧૮

શરદી, ઉધરસ અને તાવમાં વપરાતી દવાઓ પણ જનરલ સ્ટોર પર ઉપલબ્ધ કરાવવાની વિચારણા કરવામાં આવી રહી છે. જો કે હજુ સુધી આ અંગે સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી. શકય છે કે OTCની નીતિ પર કામ કરતી સમિતિ એટલે કે ઓવર ધ કાઉન્ટર દવાઓ આ સૂચન પર વિચાર કરી રહી હોય પરંતુ હજુ અંતિમ નિર્ણય લેવાયો નથી.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલમાં સૂત્રોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે, 'અમેરિકા જેવા ઘણા દેશોમાં સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી દવાઓ કરિયાણાની દુકાનો પર પણ ઉપલબ્ધ છે. ભારતની ઓટીસી પોલિસી પર કામ કરી રહેલા કેટલાક નિષ્ણાતો તરફથી એક સૂચન પણ આવ્યું છે, જેમાં અહીં પણ આવી સિસ્ટમ શરૂ કરવાની વાત કરવામાં આવી છે, જેથી ગ્રામીણ વિસ્તારોમાં એકસેસ સુધારી શકાય.

### મધ્યપ્રદેશમાં બનેલી ચોંકાવનારી ઘટના

# બે વહુઓએ સાસુની ઢોર માર મારી મોતને ઘાટ ઉતારી દીધી

ભોપાલ,તા. ૧૮:

મધ્ય પ્રદેશના ગ્વાલિયરમાંથી એક ઘટનાનો શોકિંગ વિડિયો સામે આવ્યો છે જેમાં બે વહુઓ તેની સાસુને મારી રહી છે અને એટલી હદે તેને મારવામાં આવે છે કે સાસુ દમ તોડી દે છે. પોલીસે આ કેસમાં ત્રણ વ્યકિતની ધરપકડ કરી છે.

વાઈરલ થયેલા વિડિયોમાં જે દશ્ય જોવા મળે છે એમાં શોકિંગ બાબત એ છે કે પંચાવન વર્ષની મુન્નીદેવી નામની આ મહિલાને તેની બે વહુઓ જમીન પર ઘસડી રહી છે, માથામાં લાકડી ફટકારી રહી છે અને એમ છતાં તેના બેઉ દીકરા જનેતાને બચાવવા ગયા નહીં પણ વહુઓને તેના પ્રતિ ઉશ્કેરી રહ્યા છે. વહુઓએ માથામાં પથ્થર પણ માર્યા હતા. આ ઘટનામાં નાની વહુનાં પિયરિયાંએ પણ ભાગ લીધો હતો. આ ઘટનાની ગામલોકોને જાણ થતાં મુન્નીદેવીને હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી પણ સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. આવી રીતે ગામની મહિલાને મારનારી વહુઓ સામે ગામલોકોએ પોલીસને જાણ કરી હતી અને પોલીસે બે વહુઓ, મોટા દીકરા, નાની વહુના પિતા અને બે ભાઈઓ સામે ગુનો નોંધ્યો હતો. મોટી વહુ સહિત ત્રણ જણની આ કેસમાં ધરપકડ કરવામાં આવી છે.

# માતાએ મોબાઈલ આપવાની ના પાડતા ૧૨ વર્ષની પુત્રીએ આત્મહત્યા કરી

હરદોઈ,તા.૧૮:

મોબાઈલનું વળગણ નાની ઉંમરના બાળકોમાં ખતરનાક હદે વધતું જાય છે એનું તેનું શું પરીણામ આવે છે તેનો ચોંકાવનારો કિસ્સો યુપીના હરદોઈ જિલ્લામાં બન્યો હતો. ૧૨ વર્ષની પુત્રી પોતાની માતા પાસે કાર્ટુન જોવા માટે મોબાઈલ માંગતી હતી. માતાએ મોબાઈલ ફોન આપવાનો ઈન્કાર કરતા નારાજ થઈને પુત્રીએ ગળે ફાંસો ખાઈને જીવન ટુંકાવ્યું હતું.

માહિતી અનુસાર હરદોઈના અતરોલી થાના ક્ષેત્રમાં હનુમાનગઢી મજરા કુકરા ગામમાં બનાવ બન્યો હતો. આત્મહત્યા કરનારી ૧૨ વર્ષની પુત્રીનું નામ અંશિકાસિંહ હતું. ઘરમાં હવન-પૂજા અને આરતીનો માહોલ હોવાથી સૌ ખૂશ હતા. જમવાનો સમય થયો હોવાથી માતાએ મોબાઈલ માટે તંગ કરતી પુત્રી અંશિકાને મોબાઈલ આપવાની ના પાડી દીધી હતી આથી ખોટું લાગતા આત્મહત્યાનું પગલું ભર્યુ હતું. પાંચમા ધોરણમાં ભણતી અંશિકાની શોધખોળ કરતા છેવટે રુમમાં ફાંસો લટકાવેલી હાલતમાં મળી આવી હતી.

### સુરતમાં મોટા ભાઈની હત્યા કરી

# ખેતરમાં લાશ ફેંકી નાનો ભાઈ ઘરે જઈ શાંતિથી ઊંઘી ગયો

## ડિંડોલી-ચલથાણ કેનાલ રોડના ખેતરમાંથી યુવકની હત્યા કરાયેલી લાશનો ભેદ ઉકેલાયો

સુરત, તા.૧૮

પોલીસના કહેવા પ્રમાણે ડિંડોલી મધુરમ સર્કલથી ચલથાણ તરફ જતા કેનાલ રોડ પરના ખેતર કિનારે એક યુવકની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. યુવકના ગળા તથા ચહેરાની આસપાસ તથા છાતીના ભાગે તિક્ષ્ણ હથિયારના ઉપરાછાપરી ઘા મારવામાં આવ્યા હતા. મૃત યુવકના હાથમાં ભગવાન બુદ્ધનું ટેટુ ચિતરાવેલું હતું. તેના આધારે પોલીસે ઉધના અને પાંડેસરામાં બૌદ્ધ સમાજના લોકોનો સંપર્ક સાધી તપાસ હાથ ધરી હતી. દરમિયાન એવી વિગત બહાર આવી હતી કે, મૃત યુવક વેસુના સુડા આવાસમાં રહેતો હતો. પોલીસે વેસુ સુડા આવાસમાં બચ્છાવ પરિવારનો સંપર્ક કર્યો હતો. મૃતકની ઓળખ ગોવિંદા ઉર્ફે ગોવિંદ (ઉ.વ. ૩૦) તરીકે થઈ હતી. મૃતકની માતાએ કહ્યું કે, તેનો દીકરો છેલ્લે નાના દીકરા સાથે ગયો હતો. ત્યારપછીથી તે ગાયબ હતો. એટલે પોલીસે મૃત યુવક ગોવિંદના સગીર વયના નાના ભાઈની પૂછપરછ કરી હતી. પોલીસે થોડી કડકાઈ દાખવતા તે ભાંગી પડ્યો હતો અને ગોવિંદાની હત્યા પોતે પિતરાઈ ભાઈ સાથે મળી કરી હોવાની કબૂલાત કરી હતી. હત્યારા નાના ભાઈએ પોલીસને કહ્યું કે, મોટો ભાઈ ગોવિંદ ઝઘડાળુ સ્વભાવનો હતો. આવા સ્વભાવના લીધે તેની પત્ની તેને છોડીને જતી રહી હતી. તે માતાને પણ સતત મારતો હતો. બનાવના આગલા દિવસે મોટા ભાઈએ માતાને મારી હતી. માતાએ ફોન કરી રડતા રડતાં ફરિયાદ કરી હતી. એટલે આવેશમાં આવી સગીર નાના ભાઈએ મોટા ભાઈની હત્યાનો પ્લાન બનાવ્યો હતો. હત્યાનો પ્લાન બનાવ્યા બાદ નાનો ભાઈ કડોદરા રહેતી બહેન પાસે જવું છે એમ કહી પિતરાઈ ભાઈ સાથે મોટાભાઈને બાઈક પર બેસાડી લઈ ગયો હતો. રાત્રે સાડા બાર વાગ્યાના અરસામાં ડિંડોલી પાસે બાઈક ઉભી રાખી માતાને કેમ મારે છે? એમ કહી તિક્ષ્ણ હથિયારના ઉપરાછાપરી ઘા મોટા ભાઈને મારી તેની હત્યા કરી હતી. મોટા ભાઈની હત્યા કર્યા બાદ જાણે કશું બન્યું જ નથી એમ તે ઘરે આવી ગયો હતો. પિતરાઈ પણ પોતાના ઘરે જતો રહ્યો હતો. કિશોરે લોહીથી ખરડાયેલા કપડાં ધોઈ કાઢ્યા હતા. બાઈક પરથી લોહીના ડાઘાં સાફ કર્યા હતા અને જાણે કશું બન્યું નહીં હોય તેમ નિરાંતે ઉંઘી ગયો હતો.

# દ્વારકાના હરિનામ સંકીર્તન મંદિરે રામનવમી પર્વની પરંપરાગત ઉજવણી

(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૧૮



દ્વારકાના હરિનામ સંકીર્તન મંદિરે રામનવમી પર્વની ભવ્ય ઉજવણી કરાઈ હતીઈ સવારે ૭:૩૦ નિત્ય આરતી, દ્વારકાના યજમાન પરિવારના હસ્તે અભિષેક પૂજન સવારે ૯:૧૫ થી કરવામાં આવ્યું હતું. બપોરે ૧૨:૦૦ ના ટકોરે શ્રી રામના જન્મ સમયે ઉત્સવ આરતીમાં બહોળી સંખ્યામાં રામભકતોએ સમ્મિલિત થયા હતા. રાત્રે નિત્યક્રમની આરતી ૯:૦૦ કલાકે થનાર છે સંકિર્તન મંદિરમાં પૂજારી ભાનુભાઈ મીન પરિવાર દ્વારા છેલ્લા ૫૦ વર્ષ ઉપરાંતથી સેવા પૂજાનો નિત્યક્રમ ચાલુ છે.

# શ્રી રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ દ્વારા જૂનાગઢ સ્વામિનારાયણ મુખ્ય મંદિર જવાહર રોડના સહયોગથી વિનામુલ્યે શ્રી સદ્‌ગુરૂ નેત્રયજ્ઞ

જૂનાગઢ તા.૧૮

રાજકોટના પ.પુ.શ્રી રણછોડદાસબાપુના આશ્રમ દ્વારા જૂનાગઢ સ્વામિનારાયણ મુખ્યમંદિરના સહયોગ, સહકાર થકી દર માસની તા.૨૨ના રોજ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. કેમ્પ સવારે ૯-૦૦થી ૧૧-૩૦ વાગ્યા સુધી સ્વામિ નારાયણ મુખ્ય મંદિર, જવાહર રોડ ઉતારા વિભાગમાં હોય છે તો આ કેમ્પનો મોતિયાના દર્દી ભગવાનએ લાભ લેવા જણાવાયું છે. કેમ્પમાં ડોકટરને બતાવ્યા પછી જો આંખમાં મોતિયો હોય તો કેમ્પના સ્થળથી પ.પુ.સદ્‌ગુરૂ રણછોડદાસજી, રાજકોટ હોસ્પિટલ લઈ જવાની વિનામુલ્યે સેવા આપવામાં આવે છે. ઓપરેશન ફેકો મશીન દ્વારા ટાંકા વગરનું સારામાં સારા સોફટ ફોલ્ડેબલ લેન્સ(નેત્રમણી)સાથે વિનામુલ્યે કરી આપવામાં આવશે અને ઓપરેશન થઈ ગયા બાદ બીજા દિવસે દર્દીને જૂનાગઢ કેમ્પના સ્થળે વિનામુલ્યે પરત મુકી જવામાં આવશે. આ કેમ્પને સફળ બનાવવા માટે બાબુભાઈ ચૌહાણ, મનુભાઈ સોની, માધવ સોની, દિલીપ ચૌહાણ, નટુભાઈ ટાંક, વિરમભાઈ મંત્રી, લવજીભાઈ ટાંક, લક્ષ્મીદાસભાઈ ટાંક, રમેશભાઈ મિસ્ત્રી, દિલીપભાઈ મારૂ, રાજુભાઈ ઉનડકટ અને બાલાભાઈ તન્નારાણા સહિતના જહેમત ઉઠાવી રહયા છે. આ કેમ્પનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## અવસાન નોંધ

જૂનાગઢ : સોરઠીયા વાણંદ સ્વ.શાંતાબેન લાલજીભાઈ ચુડાસમા (ઉ.વ.૯૨) તે પ્રવીણભાઈ, રાજેન્દ્રભાઈ (પોસ્ટ ડિપાર્ટમેન્ટ,વાણંદ જ્ઞાતિ આગેવાન)નાં માતુશ્રી તેમજ હાર્દિકભાઈ, તુષારભાઈ, ડો.તારક ચુડાસમા, ડો હેમાંશુંનાં દાદીમાંનું તા.૧૭/૪/૨૦૨૪નાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૮/૪/૨૦૨૪નાં રોજ બપોરે ૪ થી ૬ રામેશ્વર મંદિર શેરી નં.૩ સંજયનગર, ગાંધીગ્રામ, જૂનાગઢ રાખેલ છે.

માંગરોળ : ઔદિચ્ય ગઢીયા બ્રાહ્મણ (મહાનક્ષેત્રા વિભાગ) શાંતિબેન કાંતિલાલ જોશી (ઉંમર વર્ષ ૭૬) તે યોગેશભાઈ જુનાગઢ તીર્થભાઈ માંગરોળ ના માતૃશ્રી તેમજ કૌશિકભાઈ, કલ્પેશભાઈ, વિમલભાઈ, હરિહરભાઈ, માંગરોળ કેતનભાઈ, મનીષભાઈ કેશોદ ના કાકી તેમજ ગિરજાશંકર મહેતા વેરાવળ ના સાસુ તારીખ ૧૬/૪/૨૪ ને મંગળવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમનું બેસણું તારીખ ૨૦/૪ /૨૪ ને શનિવારના રોજ માનખેત્રા મુકામે ૪ થી ૬ રાખેલ છે.

# પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ ચૂંટણી સંદર્ભે ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયાને ચુસ્તપણે માર્ગદર્શિકા અનુસરવી અનિવાર્ય

ચૂંટણી એ આપણી લોકશાહીનું ખૂબ જ મહત્વપૂર્ણ અંગ છે અને મીડિયા, ચૂંટણી લડતા પક્ષો દ્વારા થતા ચૂંટણી પ્રચારના મુક્ત અને નિષ્પક્ષ અહેવાલો મતદારો સુધી પહોંચાડે તે અનિવાર્ય છે. તે ધ્યાને રાખીને ચૂંટણીના રીપોટિંગ દરમિયાન પ્રચાર માધ્યમોએ પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની માર્ગદર્શિકા અનુસરવા નીચેની બાબતો ધ્યાનમાં રાખવાની રહેશે.

૧. ડિસ્કલેઈમર છાપીને સમાચારોને જાહેરાતોથી સ્પષ્ટ રીતે અલગ તરી આવે તે રીતે પ્રસારિત કરવાના રહેશે.

૨. સમાચાર હંમેશા ક્રેડિટ લાઈન ધરાવતા હોવા જોઈએ અને તે ટાઈપફેસમાં હોવા જોઈએ જેથી તે જાહેરાતોથી અલગ દેખાય.

૩. ચૂંટણીઓ અને ઉમેદવારો વિશે તટસ્થ અહેવાલો આપવા તે પ્રેસની ફરજ છે. અખબારો અનિચ્છનીય રીતે ચૂંટણી ઝુંબેશમાં સામેલ થાય, ચૂંટણી દરમિયાન કોઈપણ ઉમેદવાર/પક્ષ અથવા ઘટના વિશેના અતિશયોક્તિપૂર્ણ અહેવાલો આપે તે અપેક્ષિત નથી.

૪. વાસ્તવિક ઝુંબેશ પર અહેવાલ આપતી વખતે, અખબારે ઉમેદવાર દ્વારા ઉઠાવવામાં આવેલ કોઈપણ મહત્વપૂર્ણ મુદ્દાને છોડવો નહીં અને તેના/તેણીના હરીફ ઉપર શાબ્દિક હુમલો (અપપ્રચાર) કરવો નહીં.

૫. ચૂંટણી નિયમો હેઠળ સાંપ્રદાયિક અથવા જ્ઞાતિના આધારે ચૂંટણી પ્રચાર કરવા પર પ્રતિબંધ છે. તેથી પ્રેસે, ધર્મ, સંપ્રદાય, જાતિ, સમુદાય અથવા ભાષાના આધારે લોકો વચ્ચે દુશ્મનાવટ અથવા નફરતની લાગણીઓને પ્રોત્સાહન મળે એવા અહેવાલો આપવાનું ટાળવું.

૬. કોઈપણ ઉમેદવારના વ્યક્તિગત ચારિત્ર્ય અને વર્તણૂકના સંદર્ભમાં અથવા કોઈપણ ઉમેદવારની ઉમેદવારી અથવા ઉમેદવારી પાછી ખેંચવાના સંબંધમાં, ચૂંટણીમાં તે ઉમેદવારની સંભાવનાઓને વિપરીત અસર કરવા માટે ખોટા અથવા ટીકાત્મક નિવેદનો પ્રકાશિત કરવાથી દૂર રહેવું.

૭. કોઈપણ ઉમેદવાર/પક્ષ વિરુદ્ધ ખરાઈ કર્યા વગરના આરોપો પ્રકાશિત કરી શકાશે નહીં.

૮. કોઈ ઉમેદવાર/પક્ષનું સમર્થન કરવા માટે નાણાકીય અથવા અન્ય કોઈ પણ પ્રકારનું પ્રલોભન સ્વીકારશે નહીં. તે કોઈ ઉમેદવાર/પક્ષ દ્વારા અથવા તેમના વતી આપવામાં આવે તેવી સરભરા અથવા અન્ય સુવિધાઓ સ્વીકારશે નહીં.

૯. કોઈ ચોક્કસ ઉમેદવાર/પક્ષનો પ્રચાર કરવામાં સામેલ થાય તે અપેક્ષિત નથી. જો તેમ કરવામાં આવે તો, તેણે અન્ય ઉમેદવાર/પક્ષને પ્રત્યુત્તર આપવાની તક આપવાની રહેશે.

૧૦. પક્ષની/સત્તામાં રહેલી સરકારની સિદ્ધિઓના સંબંધમાં જાહેર તિજોરીના ખર્ચે કોઈ જાહેરાત સ્વીકારશે/પ્રસિધ્ધ કરશે નહીં.

૧૧. પ્રેસ દ્વારા, ચૂંટણી પંચ/ નિર્વાચન અધિકારીઓ અથવા મુખ્ય નિર્વાચન અધિકારી દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવે તેવા નિર્દેશો/હુકમો/સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

૧૨. ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડીયાના માધ્યમોએ ચૂંટણીઓ દરમિયાન બદીઓ અને ગેરરીતિઓ ફેલાવવા માટે તેમના મંચનો ઉપયોગ કરવો નહીં અને હિત ધરાવતા પક્ષો દ્વારા તેમનું શોષણ થવા દેવું નહીં.

૧૩. જ્ઞાતિવાદી, ધાર્મિક અને વંશીય આધારો પર તેમજ તેનો ઉપયોગ કરીને અસાવધ મતદારોને ગેરમાર્ગે દોરવા નહિ.

૧૪. જ્યારે પણ અખબારપત્રો પ્રિ-પોલ મોજણી પ્રસિધ્ધ કરે છે ત્યારે, તેઓએ આવી મોજણીઓ કઈ સંસ્થાઓના ઈશારે કરવામાં આવેલી છે તે અંગે, આવી મોજણીઓ હાથ ધરનાર વ્યક્તિઓ અને સંસ્થાઓ, પરિણામો હાંસલ કરવા માટે પસંદ કરેલ સેમ્પલ સાઈઝ અને પ્રકાર, સેમ્પલ પસંદ કરવાની પદ્ધતિ અને આવા પરિણામોમાં ભૂલની શક્યતાઓ નહીંવત થાય તેની ખાસ કાળજી લેવી.

૧૫. જ્યાં સુધી અંતિમ મતદાન પૂર્ણ ન થાય ત્યાં સુધી અખબારપત્ર, ગમે તેવા વાસ્તવિક પરિણામો હોવા છતાં પણ, તે અંગેની એક્ઝિટ પોલ મોજણીઓ પ્રસિદ્ધ કરી શકશે નહીં.

CMYK CMYK CMYK

# કોડીનારમાં શ્રીરામ જન્મોત્સવની ભવ્યાતિ ભવ્ય થયેલ ઉજવણી

### હજજારોની સંખ્યામાં લોકો મહા આરતી, દર્શનનો લાભ લઈ શોભાયત્રામાં જોડાયા : શહેરના યુવક મંડળો દ્વારા વિવિધ ફ્લોટ્સ તેમજ વેશભૂષા ધારણ કરી પ્રભુ શ્રી રામ ચરિત્રોની જાંખી આકર્ષણનું કેન્દ્ર બની




(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧૮

કોડીનાર ખાતે આવેલા અતિ પ્રાચીન રામજી મંદિર ખાતે આજે બપોરે ૧૨ વાગ્યે રામજન્મ બાદ ભવ્ય રીતે રામજન્મોત્સવ ઉજવાયો. બપોરે ૪.૦૦ કલાકે વિશાળ શોભાયાત્રા નીકળી.ભગવાન શ્રીરામનો ૧૧ લાખ ૬૫ હજાર ૯૯૧ મો જન્મદિવસ ઉજવાયો હતો.

હિન્દૂ સમાજના આસ્થાના પ્રતીક સમાન ઉત્સવ રામનવમી આજે સમગ્ર દેશમાં ઉજવાઈ રહી છે ત્યારે કોડીનાર શહેરમાં આવેલા પ્રાચીન રામ મંદિરે પ્રભુ શ્રી રામ જન્મોત્સવની ઉજવણી બાદ ભવ્ય શોભા યાત્રા નીકળી હતી. કોડીનારની પરંપરા અનુસાર આ શોભાયાત્રા રામજી મંદીર મહા આરતી બાદ શરૂ થઈ. શોભાયાત્રામાં રંગબેરંગી કાચ જડિત રથમાં રામ, લક્ષમણ અને જાનકી બિરાજી નગર ચર્યાએ નીકળ્યા હતા. શોભાયાત્રામાં અશોકવાટિકા, કેવટ કે રામ,હનુમાન જડ્ડીબુટ્ટી,મતદાન જાગૃતતા,રામ દરબાર, સિંધી દાંડિયા રાસ જેવા વિવિધ ફ્લોટ્સે આકર્ષણ જમાવ્યું હતું. આ શોભાયાત્રા માં કોડીનારના નગરજનો પણ હજ્જારોની સંખ્યામાં જોડાયા હતા. વિવિધ માર્ગો પરથી પસાર થતી શોભાયાત્રાનું ઠેક ઠેકાણે સ્વાગત થયું. તો કેટલીક જગ્યાએ પૌષ્ટિક સરબતોના સ્ટોલમાં સરબત પી અને લોકો તૃપ્ત થયા હતા.

કોડીનારની પ્રજા ધાર્મિક ભાવના વાળી અને ઉત્સવ પ્રેમી હોય અહીં દરેક ઉત્સવ ધામે ઘૂમે ઉજવાય છે. ખાસ કરીને રામનવમી. આજે રામ જન્મોત્સવ પ્રસંગે લાઈવ ઓરકેષ્ટ્રા,ડીજે અને નાશિક ઢોલ ના તાલ અને સુર તેમજ લય ની શબ્દાવલી છેડાઈ હતી. ધૂન અને ભક્તિ સંગીતની સાથે વાતાવરણ રામમય બન્યું હતું. રામજી મંદિરને અનેરો શણગાર કરવામાં આવ્યો હતો.

ભગવાન રામનો આજે ૧૧ લાખ ૬૫ હજાર ૯૯૧મો જન્મ દિવસ ઉજવાયો હતો. રામજી મંદિરે ખાતે રાસ ગરબા અને ધૂન ભજનની રમઝટ બોલી હતી. રામ મંદિરેથી નીકળેલી ભવ્ય શોભાયાત્રા સાંજે પરત ફરી હતી. શોભાયાત્રા ધર્મસભામાં ફેરવાઈ હતી. મહા આરતી બાદ કાર્ય સંપન્ન થયું હતું.

# મારવાડી યુનિવર્સીટી દ્વારા વાર્ષિકોત્સવ 'MU FEST 2024' ઉજવવામાં આવ્યો

### કેન્દ્રીય કેબીનેટ મંત્રી પરસોતમ રૂપાલા દ્વારા ઉદ્‌ઘાટન કરાયું , ગુજરાત અને ભારતની વિકાસયાત્રામાં યુવાનોની ભૂમિકા અતુલ્ય ગણાવી

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૮

તાજેતરમાં ગુજરાતની ખ્યાતનામ મારવાડી યુનિવર્સીટી દ્વારા વાર્ષિકોત્સવ "MU FEST 2024"નું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. મારવાડી યુનિવર્સીટી પોતાના તમામ વિદ્યાર્થીઓને સર્વાંગી વિકાસ સાધવામાં સતત પ્રયત્નશીલ રહેતી આવી છે, તેના જ ભાગરૂપે વિદ્યાર્થીઓની શૈક્ષણિક તથા રચનાત્મક ક્ષમતાને ઉજાગર કરવા માટે આ વાર્ષિકોત્સવ યોજાયો હતો.

ઉદ્‌ઘાટન પ્રસંગે કેન્દ્રીય કેબિનેટ મંત્રી પરસોતમ રૂપાલાજી તથા અનેક ગણમાન્ય આમંત્રિત મહાનુભાવ ઉપસ્થિત રહેલા જેથી વિદ્યાર્થીઓના ઉત્સાહમાં અનેરો આનંદ ઉમેરાયો હતો.

વાર્ષિકોત્સવ ત્રણ દિવસ માટે યોજાયો હતો, જેમાં અનેકવિધ કાર્યક્રમોનું આયોજન થયું હતું. ગુજરાતના ગૌરવ, ભારતની ભવ્યતા અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના કૌશલ્યને દર્શાવતી "સાંસ્કૃતિક ઝાંખી" એક વિશાળ રેલીના રૂપમાં પ્રદર્શિત થઇ હતી. ત્રણ દિવસના આ આયોજનમાં કુલ ૮૫ થી વધારે ટેક્નિકલ તથા નોન-ટેક્નિકલ સ્પર્ધાઓના માધ્યમથી કુલ ૮૬૮૮ થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિજેતાઓને રૂા.૪ લાખથી વધુના રોકડ પુરસ્કારો તથા રૂ.૩૨ લાખથી વધુના ગિફ્ટ કુપનો એનાયત થયા હતા. વાર્ષિકોત્સવ દરમિયાન સાંસ્કૃતિક ઝાંખી, ફેશન શો, ગૌરવ કપૂરની સ્ટેન્ડ-અપ કોમેડી, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનો ટેલેન્ટ શો તથા પ્રસિધ્ધ ગાયક અમિત ત્રિવેદીના લાઈવ કોન્સર્ટના આયોજને વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, મારવાડી યુનિવર્સીટી તેના તમામ વિદ્યાર્થીઓ માટે એક સમાન તકો પુરી પાડવા કટિબધ્ધ રહેતી હોઈ, આ કાર્યક્રમ યુવાનોના બૌધ્ધિક, રચનાત્મક તથા કલાત્મક કૌશલ્યને કેન્દ્રમાં રાખીને યોજવામાં આવેલ હતો.

મારવાડી યુનિવર્સીટીના આ ભવ્ય વાર્ષિકોત્સવને અદ્વિતીય, અદ્ભૂત અને અવિસ્મરણીય બનાવવામાં સામેલ તમામ વિદ્યાર્થી તથા શિક્ષકોને યુનિવર્સીટીના પ્રેસિડેન્ટ કેતનભાઈ મારવાડી, વાઇસ પ્રેસિડેન્ટ જીતુભાઈ ચંદારાણા, ટ્રસ્ટી ધ્રુવભાઈ મારવાડી, પ્રો.વી.સી. પ્રો. રાજેન્દ્રસિંહ જાડેજા, રજિસ્ટ્રાર નરેશ જાડેજા તથા ફેકલ્ટી ડીન તથા પરીક્ષા નિયામક પ્રો. આર. એલ. ઝાલા સહીત સૌકોઈએ અભિનંદન આપેલ હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રો. આર. એલ. ઝાલા, પ્રો. સી.ડી.પરમાર, પ્રો. આર.એમ.પટેલ તથા પ્રો. અંકુર ભોગાયતા સહીત ફેકલ્ટી ઓફ ટેક્નોલોજીના તમામ સ્ટાફ દ્વારા મહત્વની ભૂમિકા નિભાવવામાં આવી હતી.

# જૂનાગઢ ૧૦૮ એમ્બ્યુલન્સ જીવા દોરી સમાન છે




જૂનાગઢ, તા.૧૮

ઉનાળામાં ગરમીનું પ્રમાણ વધવાથી લોકોને ખુબ તકલીફ પડી રહી છે જેમાં ૧૦૮ એમ્બ્યુલન્સને કેસમાં વધારો જોવા મળ્યો છે. જૂનાગઢ ૧૦૮ના જીલ્લા અધિકારી યુવરાજસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, તા.૧૭/૪/૨૦૨૪ના વંથલી તાલુકાના શાપુર ગામમાં એક બાળકને તાવ,ઉલ્ટી અને શ્વાશની તકલીફ થવાથી ૧૦૮નો સંપર્ક કરેલ.૧૦૮ એમ્બ્યુલન્સ વંથલીમાં ફરજ બજાવતા. ઈ.એમ.ટી. હર્ષા વાજા અને પાયલોટ જયરાજ સુરૂ તુરંત શાપુર ગામ ખાતે પહોંચી ગયા હતા. ત્યાં હર્ષા વાજાએ બાળક ચેક કરતા માલુમ થયું કે બાળકની હાલત અતી નાજુક છે. તેને તાવ, ઉલ્ટી, શ્વાસની તકલીફ પણ હતી. અમદાવાદ હેડ ઓફિસ ઉપર ડો.મહેશ સાથે વાત કરી અને જરૂરી સારવાર એમ્બ્યુલન્સમાં જ આપી અને સિવિલ હોસ્પિટલ જૂનાગઢ બાળકને દાખલ કરેલ. આજે બાળકની તબિયત સારી છે. એમ ૧૦૮ની જડપી અને સમય સર સારવારને લીધે અમૂલ્ય જીવને નવી જીંદગી મળી છે.

# રામ નવમી પર્વે ખંભાળિયામાં રામભક્ત દ્વારા મંદિરમાં રામ-સીતાની અલભ્ય પ્રતિમા અર્પણ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૮

ખંભાળિયામાં મહાદેવ વાડા ખાતે આવેલા પૂજય પ્રેમભિક્ષુજી મહારાજ પ્રેરિત સંકીર્તન મંદિર ખાતે આજરોજ રામનવમીના પવિત્ર દિવસે રાજકોટના જાણીતા તબીબ ડોકટર નીતિનભાઈ લાલ (મનન હોસ્પિટલ વાળા) દ્વારા રામ-સિતાની જુદી જુદી બે વિશાળ એક્રેલિક અને લાઈટિંગ વાળી છબી (પ્રતિકૃતિ) અર્પણ કરવામાં આવી હતી. અહીંના સેવાભાવી યુવાન હેમલ લાલના હસ્તે આજરોજ મહાદેવ વાડામાં સંકીર્તન મંદિર ખાતે શાસ્ત્રોક્ત વિધિ વચ્ચે રામ-લલ્લાની આ સુંદર અને આકર્ષક છબીઓ પ્રસ્થાપિત કરવામાં આવી હતી.

### સલમાન ખાનના ઘર બહાર ફાયરિંગ મામલે ઘટસ્ફોટ

# તેમનો ઈરાદો સલમાનને ડરાવવાનો હતો, તેની હત્યા કરવાનો નહોતો

મુંબઈ, તા.૧૮

સલમાન ખાનના ઘર બહાર ફાયરિંગ કરનારા બે આરોપીઓ વિક્કી ગુપ્તા અને સાગર પાલે આખરે ગોળી ચલાવવાને લઈને ભેદ ખોલી નાખ્યો છે. આરોપીઓએ પોલીસ પૂછપરછમાં એવો ઘટસ્ફોટ કર્યો કે તેમનો ઈરાદો સલમાન ખાનને ડરાવી નાખવાનો હતો, તેની હત્યા કરવાનો નહોતો. બંનેને સલમાન ખાનને ડરાવવા માટે એક લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા અને બાકીના ત્રણ લાખ રૂપિયા કામ પૂરું થયા બાદ આપવાના હતા. ગેંગસ્ટર લોરેન્શ બિશ્રોઈના ભાઈ અણમોલ બિશ્વોઈએ બન્નેને સલમાનના ઘર બહાર ફાયરિંગનું કામ સોંપ્યું હતું. બન્નેએ એવું કહ્યું કે અનમોલે કહ્યું હતું કે, સલમાન ખાનના ઘરે બંને બુલેટ ચલાવવામાં સફળ થશે તો તેઓ માત્ર ફેમસ જ નહીં થાય, પરંતુ યોગ્ય ઈનામ પણ આપવામાં આવશે. આરોપીઓએ જણાવ્યું છે કે ગેંગસ્ટર લોરેન્સ બિશ્રોઈના ભાઈ અનમોલે બંનેને નોકરી પર રાખ્યા હતા. તેઓ સલમાન ખાનને ૧૯૯૮ના જોધપુરના કાળા હરણના શિકાર કેસમાં સજા આપવા માગે છે.

બંને આરોપીઓએ ફાયરિંગ કરતા પહેલા ત્રણથી ચાર વખત ઘટનાની રેકી કરી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. બંને બાંદ્રાના તાજ લેન્ડ એન્ડ પાસે પણ જોવા મળ્યા હતા. બંનેને સલમાન ખાનના ઘરે ગોળીઓના ઓછામાં ઓછા બે મેગેઝિન ખાલી કરવાનું કહેવામાં આવ્યું હતું. એક મેગેઝિનમાં પાંચ ગોળીઓ હોય છે. બંનેનો હેતુ માત્ર ડરાવવાનો હતો, કોઈને નુકસાન પહોંચાડવાનો નહીં. બંને આરોપીઓ આખી રાત બેન્ડસ્ટેન્ડ વિસ્તારમાં ફરતા રહ્યા હતા અને ત્યારબાદ ૪.૫૧ વાગ્યે સલમાન ખાનના ગેલેક્સી એપાર્ટમેન્ટમાં પહોંચ્યા હતા અને બાઈક પરથી ગોળીબાર કર્યો હતો. આરોપીઓએ દાવો કર્યો હતો કે તેઓ ૨૮ ફેબ્રુઆરીથી મુંબઈમાં હતા અને સલમાન ખાનના પનવેલ ફાર્મહાઉસ અને ગેલેક્સી એપાર્ટમેન્ટ્સની રેકી કરી હતી.

# રાજકોટ જીલ્લાના રામોદ ગામે સ્મશાનમાં અનોખા લગ્ન યોજાયા

### વિજ્ઞાન જાથાની વિચારધારા મુજબ યોજાયેલ લગ્નને દેશભરમાંથી અભિનંદન



રાજકોટ, તા.૧૮

રાજકોટ જીલ્લાનાં રામોદ ગામમાં રાઠોડ પરિવારની દીકરી પાયલનાં લગ્ન પ્રસંગે વરરાજા તેમજ જાન પક્ષનો ઉતારો સ્મશાનમાં આપી કાળા વસ્ત્રમાં સ્વાગત કરવામાં આવ્યું હતું. ભૂત પ્રેતનું સરઘસ, કન્યા કાળા ડ્રેસ સાડીમાં ફુલેકું, નવતર અભિગમ અપનાવવામાં આવ્યો હતો. ઊંધા ફેરા, બંધારણનાં શપથ, વિજ્ઞાન જાથા વિચારધારા મુજબ લગ્ન યોજવામાં આવ્યા હતા. માર્ગો ઉપર લોકોનું ધ્યાન ખેંચી જોવા મજબૂર કર્યા હતા. વાહનો ઊભા રાખી કેમેરામાં અદ્ભુત પ્રસંગ યાદગાર ક્ષણો લીધી હતી. કુરિવાજો અંધશ્રદ્ધાને દેશવટો આપવામાં આવ્યો હતો. મુર્હુત ચોઘડિયાને દફનાવી લગ્નની ઊજવણી કરવામાં આવી હતી. લોકો જોવા ઉમટી પડ્યા હતા. અનોખો લગ્ન યોજવામાં આવ્યો હતો. લોકો ખુશખુશાલ થઈ પ્રસંગનો લાભ લીધો હતો. સ્મશાનમાં અનેરો અવસર પ્રાપ્ત કર્યો હતો. કોટડાસાંગાણી પોલીસે વિશેષ વ્યવસ્થા ફાળવી હતી. ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. સદીઓ જૂની માન્યતાનું ખંડન કરવામાં આવ્યું હતું. ખોટા રિવાજોને તિલાંજલિ આપીને જાથાએ આયોજન કરવામાં આવ્યું હતું. જાથાને દેશભરમાંથી અભિનંદન વર્ષા મળી હતી.

### જહાજની માલિકીની કંપનીએ અમને માહિતી આપી હતી

# ઈરાન દ્વારા પકડાયેલા ઈઝરાયેલ જહાજમાં ૧૭ ભારતીયોમાં કેરળની મહિલા પણ હાજર

### ૧૩ એપ્રિલે ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થતા ઈઝરાયેલી જહાજ એમએસસી એરીઝને કબજે કર્યું હતું

નવી દિલ્હી, તા.૧૮

ઈઝરાયેલનું એક જહાજ આ દિવસોમાં ચર્ચામાં છે. આ માલવાહક જહાજ ઈરાન દ્વારા કબજે કરવામાં આવ્યું છે. જહાજમાં કુલ ૨૫ લોકો સવાર છે જેમાંથી ૧૭ ભારતીય છે.

હવે સમાચાર આવ્યા છે કે આ ૧૭ ભારતીયોમાં એક મહિલા પણ છે.કેરળની એક મહિલા એન્ટેસા જોસેફના પરિવારનું કહેવું છે કે એન્ટેસા પણ ૧૭ ભારતીયોમાં સામેલ છે, પરંતુ કેરળના મુખ્યમંત્રીએ વિદેશ મંત્રાલયને લખેલા પત્રમાં તેનો કોઈ ઉલ્લેખ નથી.આ બાબતે મુખ્યમંત્રી કાર્યાલયના એક અધિકારીએ જણાવ્યું કે શરૂઆતમાં જહાજમાં ફસાયેલા ૧૭ ભારતીયોમાં કોઈ મહિલાની હાજરી અંગે કોઈ માહિતી નથી. જેવી અમને ખબર પડી. આ બાબત કેન્દ્ર સરકારના ધ્યાન પર લાવવામાં આવી હતી.તેમણે કહ્યું કે બિન-નિવાસી કેરાલાઈટ્સ અફેર્સ (નોરકા) વિભાગને પણ જરૂરી પગલાં લેવા સૂચના આપવામાં આવી છે. મહિલાના પિતાનું કહેવું છે કે કેરળના મુખ્યમંત્રીએ વિદેશ મંત્રાલયને લખેલા પત્રમાં તેમની પુત્રીનું નામ ન હોવાને કારણે તેઓ દુખી છે. તેણીને માનસિક અને ભાવનાત્મક રીતે અસર થઈ છે. તમામ ચેનલો અને અખબારોમાં કહેવામાં આવી રહ્યું છે કે આ ૧૭ ભારતીયોમાંથી ત્રણ મલયાલી છે.

એન્ટેસાના પિતાનું કહેવું છે કે તેમની પુત્રીની વર્તમાન સ્થિતિ અંગે તેમને રાજ્ય કે કેન્દ્ર સરકાર તરફથી હજુ સુધી કોઈ અપડેટ મળ્યું નથી. તેમણે કહ્યું કે જહાજની માલિકીની કંપનીએ અમને જાણ કરી હતી કે અમારી પુત્રી સુરક્ષિત છે. અમે શુક્રવારે તેની સાથે છેલ્લે વાત કરી હતી.તે રોજ સવારે ફોન કરતી. ઘટનાના દિવસે તેણે અમને ફોન કર્યો ન હતો, તેથી અમે તેને ફોન કરવાનો પ્રયાસ કર્યો. પરંતુ સંપર્ક થઈ શક્યો ન હતો. તે જ દિવસે બપોરે અમને આ સમગ્ર ઘટના વિશે માહિતી મળી.

દરમિયાન ઈરાને કહ્યું છે કે તે ટૂંક સમયમાં જ ભારતીય સરકારી અધિકારીઓને આ ૧૭ ભારતીયોને મળવાની પરવાનગી આપશે.ઈરાન સરકારે આ ભારતીયોની ભારત સરકારના પ્રતિનિધિઓ સાથેની બેઠકને લીલી ઝંડી આપી દીધી છે. ઈરાનના વિદેશ પ્રધાન હોસૈન અમીર-અબ્દુલ્લાહિયાને કહ્યું હતું કે તેહરાન ટૂંક સમયમાં ભારતીય સરકારી અધિકારીઓને MSC Ariesજ જહાજમાં સવાર ભારતીયોને મળવાની મંજૂરી આપશે. ઈરાનના વિદેશ મંત્રીએ કહ્યું કે તેમની સરકાર પકડાયેલા જહાજની વિગતો એકઠી કરી રહી છે. ૧૭ ભારતીયો સાથે ભારત સરકારના પ્રતિનિધિઓની બેઠક અંગેની માહિતી ટૂંક સમયમાં પૂરી પાડવામાં આવશે.

અગાઉ, વિદેશ પ્રધાન એસ જયશંકરે તેમના ઈરાનના સમકક્ષ હુસૈન અમીર-અબ્દુલ્લાહિયન સાથે વાત કરી હતી. આ દરમિયાન તેમણે ૧૭ ભારતીય નાગરિકોની મુક્તિનો મુદ્દો ઉઠાવ્યો હતો. ફોન પર વાતચીત દરમિયાન જયશંકરે ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતી દુશ્મનાવટને લઈને તણાવ ટાળવા, સંયમ રાખવા અને કૂટનીતિના માર્ગ પર પાછા ફરવાનું આહ્વાન કર્યું હતું.તમને જણાવી દઈએ કે ૧૩ એપ્રિલે ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થઈ રહેલા ઈઝરાયેલના જહાજ MSC Ariesને પકડી લીધું હતું. આ જહાજ લંડનનું ઝોડિયાક મેરીટાઈમ છે, જે ઈઝરાયેલના અબજોપતિ આઈલ ઓફરના રાશિચક્ર જૂથનું છે.

# રામપરા ખાતે ચાલતી સપ્તાહ દરમ્યાન રૂપલ માંનું સન્માન કરાયું

(વિનુ પુરોહીત દ્વારા)

વિસાવદર, તા.૧૮

ગણપતિ ઉત્સવ સમિતિ વિસાવદરના પ્રમુખ અને જાણીતા સેવાભાવિ રઘુવંશી સમાજના અગ્રણી સુરેશભાઈ સાદરાણી દ્વારા રામપરા મુકામે ચાલતી સપ્તાહ દરમ્યાન રૂપલમાંનું સન્માન કરેલ હતું અને તેઓએ રૂપલમાના આશીર્વાદ સાથે ઈશ્વર તેમને વધુમાં વધુ લોકોની તથા દિન દુખીઓની સેવા કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના સાથે આશીર્વાદ મેળવ્યા હતા.



દર ઉનાળુ વેકેશનમાં એક નહીં બબ્બે 'સન' પરેશાન કરે છે !



ખરા નેતા છો, વેકેશનમાં ક્યાં જવું ? તે નિર્ણય લ્યો ત્યાં સુધી તો વેકેશન પુરૂ થઈ જાય છે !

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

## બંગાળમાં અપરાધિક તત્વોની વધતી જતી હિંમત

સંદેશખાલીમાં રાશન કૌભાંડમાં આરોપિત તૃણમૂલ નેતા શાહજહાં શેખના ઘરે છાપામારી માટે પહોંચેલ ઈડીની ટીમ પર થયેલ હુમલાના લગભગ ત્રણ મહિના બાદ હવે પશ્ચિમ બંગાળના જ પૂર્વ મેદિનીપુર જિલ્લામાં ૨૦૨૨માં થયેલ એક બોમ્બ વિસ્ફોટની તપાસ કરવા ગયેલ એનઆઈએની ટીમ પર સ્થાનિક ભીડે જે રીતે હુમલો કર્યો, તે રાજ્યમાં કાયદો-વ્યવસ્થાની અસલી તસવીર રજૂ કરે છે. ઉલ્લેખનીય છે કે ૨૦૨૨માં ડિસેમ્બરના ત્રીજા દિવસે ભૂપતિનગરમાં તૃણમૂલ કોંગ્રેસના સ્થાનિક નેતા રાજકુમાર મન્નાના ઘરે વિસ્ફોટ થયો હતો, જેમાં મન્ના સહિત કુલ ત્રણ લોકોનાં મોત થયાં હતાં. માર્ચ, ૨૦૨૩માં કલકત્તા ઉચ્ચ ન્યાયાલય કુલ ત્રણ લોકોનાં મોત થયાં હતાં. માર્ચ ૨૦૨૩માં કલકત્તા હાઈકોર્ટ દ્વારા એનઆઈએને ઘટનાની તપાસના આદેશ આપ્યા બાદથી એનઆઈએએ આઠ તૃણમૂલ કાર્યકર્તા અને સ્થાનિક નેતાઓને સમન્સ પાઠવ્યા, પરંતુ તેઓ સતત તેને ઠુકરાવતા રહ્યા. આ મામલે એનઆઈએની ટીમ પર ત્યારે હુમલો થયો, જ્યારે તે વિસ્ફોટના બે મુખ્ય આરોપીઓને અટકાયતમાં લઈ રહી હતી. આનાથી એ જ ખબર પડે છે કે બંગાળમાં અપરાધી તત્ત્વોને દુસ્સાહસ કઈ રીતે ચરમ પર છે. આ દુસ્સાહસનું કારણ મમતા સરકાર દ્વારા કેન્દ્રીય એજન્સીઓ વિરુદ્ધ શત્રુવત માહોલ બનાવવાનો છે. એક વાર તે સીબીઆઇ વિરુદ્ધ ધરણાં પર બેસી ગયાં હતાં, જ્યારે આ એજન્સીના અધિકારી ચિટફંડ કૌભાંડ બાબતે કોલકાતાના તત્કાલીન પોલીસ કમિશ્નરની પૂછપરછ કરવા તેમના આવાસ પર ગયા હતા. બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ કાર્યકર્તા સીબીઆઈની ઓફિસ પર પથ્થરમારો પણ કરી ચૂક્યા છે.એ જ રીતે એક વખત આવકવેરા વિભાગની ટીમ પણ તૃણમૂલ કોંગ્રેસના કાર્યકર્તાઓના ઉગ્ર પ્રદર્શનનો સામનો કરી ચૂકી છે.

લોકસભા ચૂંટણી પહેલાં કેન્દ્રીય એજન્સીઓની સક્રિયતા પર સવાલ ઉઠાવનારાં મુખ્યમંત્રી મમતા બેનર્જી હવે તો હિંસાને વાજબી ઠેરવવા સુધી જઈ રહ્યાં છે. તેમને ખબર હોવી જોઇએ કે એનઆઇએની ટીમ તો અદાલતના આદેશનું પાલન કરી રહી હતી. મમતા એમ કહી રહ્યાં છે કે એનઆઈએની ટીમે અડધી રાત્રે રેડ કેમ કરી? રાજકીય આકાના ઈશારે પોલીસે તો કેન્દ્રીય એજન્સી વિરુદ્ધ ફરિયાદ પણ નોંધી દીધી, જેનાથી એ જ ખબર પડે છે કે મમતાના રાજમાં કેન્દ્રનો વિરોધ એક અલગ સ્તર પર પહોંચી ગયો છે. જ્યારે ખુદ મુખ્યમંત્રી જ સમયે સમયે ભડકાઉ નિવેદનો આપતાં હોય, તો સમર્થકો માટે તેમનો સંદેશ સ્પષ્ટ હોય છે. પહેલા ચરણના મતદાનના ઠીક બે દિવસ પહેલાં રામનવમી પર તોફાનો ભડકવાની ચેતવણી મમતા જે અંદાજમાં ચૂંટણી સભાઓમાં આપી રહ્યાં છે, તેને અવ્યવસ્થાને આમંત્રણ જ ગણી શકાય. જો બંગાળમાં રાજકીય હિંસા સામાન્ય સમજવામાં આવે છે, તો તે રાજ્ય પોલીસની અકર્મણ્યતાનું જ પરિણામ છે. એ જ કારણથી તે આજે કદાચ દેશનું પહેલું રાજ્ય હશે, જ્યાં કેન્દ્રીય અધિકારીઓની સુરક્ષા માટે કેન્દ્રીય દળોની નિયુક્તિ કરવી પડી રહી છે. તેમ છતાં જો તેઓ સુરિક્ષત નથી, તો આ રાજ્યમાં અપરાધિક તત્ત્વોની વધતી હિંમતને જ દર્શાવે છે, જેના પર કડક કાર્યવાહી કરવાની જરૂર છે. ચૂંટણી માહોલમાં રાજકીય આરોપ-પ્રત્યારોપ પોતાની જગ્યાએ છે, પરંતુ કેટલાક સમયથી પશ્ચિમ બંગાળમાં જેવો 'કેન્દ્ર-વિરોધી' માહોલ બન્યો છે, તે સંઘવાદને તો પ્રતિકૂળ છે જ , સાથે જ એક ખોટું દૃષ્ટાંત પણ રજૂ કરે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જેના પાસે આશા છે તેની પાસે બધું જ છે.

- ઈમર્સન

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.આદર-૧૩૯૩, મુ. શવ્વાલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-૧૦ ધર્મરાજ દશમી તા.૧૮ એપ્રિલ ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૭, મુસ્લિમ તા.૮, આશ્લેષા નક્ષત્ર, ગંડ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૨૯, સૂ.અ.૭:૧૨

આજનો દિવસ અશુભ છે

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ), સવારે ૭:૫૭ ક. પછી જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: જાહેર સાહસના કાર્યોમાં સાવધ રહેવું. મૂંઝવણ-ચિંતામાં વધારો થાય.
વૃષભ:વિરહની વેદના સહેવી પડે. ધંધામાં અવરોધ આવે.
મિથુન:સંપત્તિને લગતા કાર્યોમાં સાવચેત રહેવું. વ્યર્થ ક્રોધ આવે.
કર્ક: આકસ્મીક ધન લાભ થાય. અટકેલા કાર્યો આગળ ધપે.
સિંહ: શેર-સટ્ટાથી દૂર રહેવું. માનસિક પ્રસન્નતામાં વધારો થાય.
કન્યા: જૂની ઓળખાણ લાભદાયી નીવડે. આર્થિક સમસ્યા હળવી બને.
તુલા: ગૃહજીવનમાં વિસંવાદીતતા સર્જાય. હાથમાં આવેલી લાભની તક સરી જાય.
વૃશ્ચિક:અંગત મૂંઝવણ દૂર થાય. નોકરી-ધંધામાં લાભ થાય.
ધન: અગત્યના કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. ગૃહવિવાદ.
મકર: માનસિક ઉચ્ચાટ અનુભવાય. આર્થિક ક્ષેત્રે સંભાળવું હિતાવહ.
કુંભ: મહત્વના કૌટુંબિક પ્રશ્નોનો ઉકેલ મળે. અણધાર્યો લાભ મળે.
મીન: મહેનતનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. રોકાયેલા નાણાં છૂટા થાય.

### સેક્સ્યુલ પાવર વધારવાની દવાની આડમાં કાંડ થયો

# દવાની આડમાં સાયબર ક્રાઈમના અધિકારીની ઓળખ આપી લાખોની છેતરપિંડી કરાઈ

### પોલીસની તપાસમાં સામે આવ્યું છે કે મુખ્ય આરોપી અજય મૂળ યુપીનો છે અને હાલ અમદાવાદમાં રહે છે

અમદાવાદ, તા.૧૮

પુરુષના સેક્સ્યુલ પાવર વધારવાની દવાની આડમાં સાયબર ક્રાઈમના અધિકારીની ઓળખ આપી લાખોની છેતરપિંડી કરનાર સાયબર ગાંઠિયાની સાયબર ક્રાઈમ બ્રાંચે ચરપકડ કરી છે. ઓનલાઈન કોઈપણ વસ્તુ સર્ચ કરતા પહેલા હવે લોકોએ ખૂબ જ સાવચેતી રાખવાની જરૂર છે. કેમ કે સાયબર ગઠિયાઓ હવે ધીમે ધીમે લોકોને સૌથી વધુ ઓનલાઈન પોતાનો શિકાર બનાવી રહ્યા હોવાના અનેક કિસ્સા ઓ સામે આવ્યા છે. અમદાવાદમાં થોડા દિવસ પહેલા અમદાવાદ સાયબર ક્રાઈમમાં એક ફરિયાદ નોંધાઈ હતી. જેમાં ફરિયાદીને એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો અને તેમાં જણાવ્યું હતું કે તે સાયબર ક્રાઈમનાં પીએસઆઈ હેમંતસિંહ વાત કરે છે અને ફરિયાદીએ અર્બન મેટ્રો કંપનીમાં એક દવાનો ઓર્ડર કર્યો હતો. જે બાદ તે ઓર્ડરને ફરિયાદીએ રિજેક્ટ કર્યો હતો અને તેના વિશે રીવ્યુમાં ખરાબ પ્રતિભાવો આપેલા હતા.

અર્બન મેટ્રો કંપનીએ ફરિયાદી ઉપર કેસ કર્યો હોવાનું જણાવવામાં આવ્યું હતું. જે બાદ ફરિયાદીને મોબાઈલ પર એક ખોટી નોટિસ પણ આપવામાં આવી હતી અને જણાવવામાં આવ્યું હતું કે તેઓ જો સમાધાન કરવા માંગતા હોય તો ૩૦,૦૦૦ રૂપિયા દંડ ભરવો પડશે અથવા તો ત્રણ મહિનાની જેલની સજા ભોગવી પડશે. જે નંબર પરથી ફરિયાદીને ફોન આવ્યો હતો. તેમાં PSIનો ફોટો પણ રાખવામાં આવ્યો હતો. જોકે ફરિયાદીને શંકા જતાં તેણે સાયબર ક્રાઈમનો સંપર્ક કર્યો હતો તો જાણવા મળ્યું કે હેમંતસિંહ નામના કોઈ પીએસઆઈ સાઈબર ક્રાઈમમાં ફરજ બજાવતા નથી. જેના આધારે ફરિયાદીએ અમદાવાદ સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી અને ફરિયાદના આધારે સાયબર ક્રાઈમ એ બે આરોપી અજય વર્મા અને હિમાંશુ પરમારની ધરપકડ કરી છે.

પોલીસે ફરિયાદના આધારે અજય ઉર્ફે અજજુ વર્મા અને હિમાંશુ પરમારની ધરપકડ કરી છે. પોલીસની તપાસમાં સામે આવ્યું છે કે મુખ્ય આરોપી અજય મૂળ યુપીનો છે અને હાલ અમદાવાદમાં રહે છે. આરોપી અજય થોડા સમય પહેલા એક આયુર્વેદિક કંપની માં સેલ્સમેન તરીકે કામ કરતો હતો. અજય એક વખત તેની દવાના માર્કેટિંગ મામલે કોઈ વ્યક્તિને ફોન કર્યો હતો અને તે વ્યક્તિએ અજયને જણાવ્યું હતું કે અમારા ઉપર ફ્રોડ થયું છે અને અમને નોટિસ મળેલી છે. જેથી અજયે તે નોટિસ મેળવી લીધી હતી અને તેણે તે નોટિસ ઉપરથી અન્ય લોકો સાથે ફ્રોડ કરવાની પ્રેરણા મેળવી હતી. જે બાદ અજય તેના મિત્ર હિમાંશુ સાથે મળી છેલ્લા બે મહિનાથી અલગ અલગ લોકોનો સંપર્ક કરી તેને ધમકાવતો હતો અને ખોટી નોટીસ બનાવી તેની પાસેથી પૈસા પડાવતા હતો.

આરોપી અજય અને હિમાંશુ સાથે મળીને છેલ્લા બે મહિનાથી લોકોને પૈસા પડાવવાનો ધંધો કરી રહ્યા હતા. આરોપી હિમાંશુ જે અંકુશ આયુર્વેદિક માં સેલ્સમેન તરીકે નોકરી કરતો હતો ત્યારે અંકુશ આયુર્વેદના નામે ફેસબુકમાં એક જાહેરાત ચલાવતા હતા. તે એડમાં જે ડેટા જનરેટ થતો હતો તે અજય મેળવતો હતો. આ ઉપરાંત સોશિયલ મીડિયા મારફતે કોઈ લોકો આયુર્વેદિક કંપની સર્ચ કરતા હોય તેનો ડેટા પણ અજય મેળવી લેતો હતો. મેળવેલા ડેટાના આધારે અજય લોકોને ફોન કરતો હતો અને ખોટી નોટિસ મોકલી ડરાવી ધમકાવી પૈસા પડાવતા હતો.પોલીસની તપાસ અને પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે છેલ્લા બે મહિનામાં અજય અને હિમાંશુ દ્વારા ૪૦ થી ૪૫ લોકોને પોતાનો શિકાર બનાવી પાંચ લાખથી વધુ રૂપિયાની છેતરપિંડી આચરી હતી. પોલીસ ને અજય ના મોબાઈલ માંથી અલગ અલગ લોકોના નામની ૨૦ જેટલી ખોટી નોટિસ મળી આવી છે તેમજ ૨૫ જેટલી ખોટી નોટીસ અજય ડીલીટ કરી હોવાનું પણ સામે આવ્યું છે. બંને સાથે મળીને ગુજરાત તેમજ અન્ય રાજ્યના લોકોને પણ પોતાનો શિકાર બનાવ્યો હોવાનું સામે આવ્યું છે.

હાલ તો અમદાવાદ સાયબર ક્રાઈમ પોલીસે ફરિયાદના આધારે અજય અને હિમાંશુ નામના વ્યક્તિની ધરપકડ કરી છે. આ બંને વિરુદ્ધ સરગાસણ પોલીસ મથકમાં પણ એક ફરિયાદ નોંધાયેલી છે. જોકે પોલીસ તપાસ કરી રહી છે કે આ બંને વિરુદ્ધ અન્ય કેટલીક જગ્યાઓ પર ફ્રોડની ફરિયાદ નોંધાય છે.

### ચૂંટણીની તૈયારીઓ વચ્ચે નિવેદનથી રાજકીય માહોલ ગરમાયો

# ક્ષત્રિયો અને રૂપાલાના વિવાદ વચ્ચે નીતિન પટેલનું નિવેદન

### પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનું રૂપાલાએ કરેલી વિવાદિત ટિપ્પણી બાદ ક્ષત્રિયોનું આંદોલન હવે દિન પ્રતિદિન વધુને વધુ ઉગ્ર બની રહ્યું છે

ગાંધીનગર, તા.૧૮

તાજેતરમાં પરસોતમ રૂપાલા એ ક્ષત્રિયો પર કરેલી ટિપ્પણીને લઈને વિવાદ ગુજરાતમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. વિવાદની વચ્ચે પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનું નિવેદન સામે આવ્યું છે જેને પગલે રાજકારણમાં કાળઝાળ ગરમીની જેમ માહોલ ગરમાયો છે.

વિવાદ દરમિયાન ક્ષત્રિયો દ્વારા એવી પણ ચિમકી ઉચ્ચારવામાં આવી છેકે, ઉમેદવારની ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ ૧૯મી એપ્રિલ છે. જો રૂપાલા ફોર્મ પરત નહી ખેંચે તો ગુજરાતમાં ભાજપ વિરૂધ્ધ ચૂંટણી પ્રચારને વેગીલો બનાવવમાં આવશે.

કેન્દ્રીય મંત્રી અને રાજકોટથી ભાજપના લોકસભાના ઉમેદવાર પરસોત્તમ રૂપાલા હાલ વિવાદમાં છે. એ ચર્ચાનું કારણ છે તેમણે ક્ષત્રિય સમાજ અંગે કરેલી ટિપ્પણી. હાલમાં જ એક જાહેરસભામાં તેમણે ક્ષત્રિય સમાજ અંગે વિવાદિત ટિપ્પણી કરી અને ત્યાર બાદ લોકસભાની ચૂંટણી પહેલાં જ ગુજરાતમાં રીતસર ભડકો થયો. પોતાના વિવાદિત નિવેદન બદલે રૂપાલાએ ત્રણ-ત્રણ વાર બે હાથ જોડીને ક્ષત્રિયોની માફીઓ માંગી.

સરકારના તમામ મંત્રીઓ, ગુજરાત ભાજપનું આખું પ્રદેશ સંગઠન પણ આ મુદે ક્ષત્રિયોને મનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

એટલું જ નહીં ત્યાં સુધી કે ખુદ ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ સી.આર.પાટીલે પણ આ આંદોલન સમેટી લેવા મુદે ક્ષત્રિયોને ઘણી વિનંતીઓ કરી. જોકે, ક્ષત્રિયો ટસના મસના થયા. ત્યારે હવે આ મુદ્દે ચર્ચામાં આવ્યું છે ગુજરાત ભાજપના વધુ એક દિગ્ગજ નેતાનું નિવેદન સામે આવ્યું છે.

ગુજરાતના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનું રૂપાલાએ કરેલી વિવાદિત ટિપ્પણી બાદ ક્ષત્રિયોનું આંદોલન હવે દિન પ્રતિદિન વધુને વધુ ઉગ્ર બની રહ્યું છે. ગુજરાત સરકારના મંત્રીઓ, પ્રદેશ ભાજપના હોદ્દેદારો અને ભાજપના લોકસભાના ઉમેદવારો પણ હવે રૂપાલા મુદે ખુલીને સમર્થન કરી રહ્યાં છે.

ગુજરાતના પૂર્વ નાયબ મુખ્ય મંત્રી નીતિન પટેલે રૂપાલા અને ક્ષત્રિય આંદોલન અંગે પોતાની પ્રતિક્રિયા આપી. ક્ષત્રિયોના વિવાદ પર પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું કે, હિંદુઓના પૂજનીય ભગવાન શ્રીરામ ક્ષત્રિય જ છે. તમામ પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ આવે તેવી અભિલાષા છે. દરેક પ્રશ્નોનું સુખદ નિરાકણ આવે એ જરૂરી છે. રામના નામે રાજનીતિ ના થવી જોઈએ.

મળતી માહિતી અનુસાર ૭ મે મતદાનના દિવસે પણ ભાજપના ઉમેદવારને મત આપશો નહી તેવી મતદારોને અપીલ કરવામાં આવશે.

આમ, અત્યાર સુધી રૂપાલાનો જ વિરોધ કરવામાં આવી રહ્યો હતો પણ હવે ક્ષત્રિયોએ ભાજપ સામે મોરચો માંડ્યો છે. આગામી તા, ૧૯મીએ ફરી ક્ષત્રિય સંકલન સમિતીની બેઠક મળનાર છે જેમાં આંદોલનની રણનિતી ઘડવામાં આવશે અને વધુ આંદોલનાત્મક કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવશે.

### બે વર્ષનો વરસાદ એક જ દિવસમાં ખાબક્યો

# દુબઈમાં કૃત્રિમ વરસાદના પ્રયોગથી જળપ્રલય હોવાની શંકા સર્જાયો

દુબઈ, તા.૧૮

સંયુક્ત આરબ અમીરાત (UAE) અને તેની આસપાસના રણ વિસ્તારોમાં મંગળવારે (૧૬મી એપ્રિલ) જોરદાર વરસાદ પડ્યો હતો. વિશ્વના સૌથી સ્માર્ટ શહેરોમાંના એક દુબઈમાં ભારે વરસાદથી રસ્તાઓ જળમગ્ન બની ગયા હતા. એરપોર્ટ, મેટ્રો સ્ટેશન અને મોલમાં પાણી ઘૂસી ગયા હતા. શાળાઓ બંધ રાખવામાં આવી હતી. અહીં છેલ્લા ૨૪ કલાકમાં ૧૬૦ મિ.મી. વરસાદ પડ્યો હતો, જે સામાન્ય રીતે બે વર્ષમાં પડે છે. ત્યારે સવાલ એ છે કે, રણ વિસ્તોરોમાં અચાનક આટલો ભારે વરસાદ થવાનું કારણ શું?વૈજ્ઞાનિકોનું માનવું છે કે, દુબઈમાં અચાનક આટલો વરસાદ પડવાનું કારણ ક્લાઉડ સીડિંગ એટલે કે કૃત્રિમ વરસાદ છે. ગલ્ફ સ્ટેટ નેશનલ સેન્ટર ઓફ મીટીરોલોજી અનુસાર, ૧૫મી અને૧૬મી એપ્રિલે દુબઈના અલ એઈન એરપોર્ટ પરથી કૃત્રિમ વરસાદ માટે વિમાન ઉડાવવામાં આવ્યું હતું.

આ વિમાને છેલ્લા બે દિવસમાં સાત વખત ઉડાન ભરી હતી. જેના કારણે વાતાવરણમાં ફેરફાર થયો હતો અને દુબઈમાં ભારે વરસાદ પડ્યો હતો. આ વરસાદે ૭૫ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. ક્લાઉડ સીડિંગ એ કૃત્રિમ વરસાદ બનાવવાની પ્રક્રિયા છે, આ પ્રક્રિયામાં વિમાન અથવા હેલિકોપ્ટરનો ઉપયોગ કરીને વાદળોમાં સિલ્વર આયોડાઈડ અથવા પોટેશિયમ આયોડાઈડ જેવા પદાર્થોને ઉમેરવામાં આવે છે.

દુબઈમાં પાણીની અછત છે. ભૂગર્ભજળનો વધુ પડતો ઉપયોગ થાય છે. તેમ છતાં પાણીની અછત રહે છે. તેથી અહીંની સરકારે કૃત્રિમ વરસાદનો સહારો લેવા પડે છે. પરંતુ આ વખતે સ્થિતિ વધુ વણસી ગયો. યુએઈએ વર્ષ ૧૯૮૨માં પ્રથમ વખત ક્લાઉડ સીડિંગ કર્યું હતું. યુએઈમાં રેઈન એન્હાન્સમેન્ટ પ્રોગ્રામ ચાલે છે. જે ત્યાના હવામાન વિભાગ દ્વારા દેખરેખ રાખવામાં આવે છે. આ પાછળના વૈજ્ઞાનિકો દર વખતે યુએઈના વાતાવરણનું ભૌતિક અને રાસાયણિક પરીક્ષણ કરે છે. જેમાં ખાસ કરીને એરોસોલ અને પ્રદૂષિત તત્વોનું પરીક્ષણ કરવામાં આવે છે. ત્યારબાદ વાદળો બનવાની પ્રક્રિયા શરૂ થાય છે.ઉલ્લેખનીય છે કે, પહેલા એ નક્કી કરવામાં આવે છે કે, ક્લાઉડ સીડિંગ કેટલી વાર કરવાનું છે અને તેના માટે ક્લાઉડ સીડિંગ વિમાન કેટલી વાર ઉડાડવું પડશે. વાદળોના ઊંચાઈવાળા વિસ્તારોમાં પહોંચ્યા પછી રસાયણો છોડવામાં આવે છે. જેથી વરસાદ પડી શકે. યુએઈમાં ૮૬ ઓટોમેટિક વેધર સ્ટેશન છે. દેશભરમાં છ હવામાન રડાર છે જે હવામાન પર નજર રાખે છે.

# છત્તીસગઢમાં સુરક્ષા દળોના ઓપરેશનમાં ૨૯ નક્સલી ઠાર

(સંપૂર્ણ સમાચાર સેવા) કાંકેર, તા.૧૮

લોકસભાની ચૂંટણી અગાઉ છત્તીસગઢના કાંકેર જિલ્લામાં સલામતી દળોને મોટી સફળતા મળી છે. તેમણે એક એન્કાઉન્ટરમાં ઓછામાં ઓછા ૨૯ નક્સલીઓને મારી નાખ્યા છે. જોકે આ જંગી કવાયતમાં સલામતી દળોના ત્રણ જવાનોને પણ ઈજા પહોંચી છે. પોલીસને નક્સલવાદીઓ પાસેથી વિશાળ પ્રમાણમાં હથિયારોનો જથ્થો મળ્યો છે. પોલીસે જણાવ્યું હતું કે છોટેબેથિયા પોલીસ સ્ટેશનની મર્યાદા હેઠળ બિનાગુંડા અને કોરોનાર ગામો વચ્ચે આવેલા હાપાટોલા જંગળમાં બપોરે આશરે બે કલાકે આ અથડામણ થઈ હતી. આઈજીએ જણાવ્યું હતું કે ૨૯ માઓવાદીઓની લાશો મળી આવી છે.

### ગોંડલના રામોદ ગામમાં યોજાયા અનોખા લગ્ન

# વર -વધુએ કાળા કપડાં પહેરી સ્મશાનમાં ઊંધા ફેરા લીધા

### આવા અનોખા લગ્નનું આયોજન કરીને રામોદના રાઠોડ પરિવારે સમાજમાં વ્યાપેલી અંધશ્રદ્ધાને દૂર કરવા કર્યા હતા

ગોંડલ, તા.૧૮

ગોંડલના રામોદ ગામમાં અનોખા લગ્ન યોજાયા છે. જ્યાં દુલ્હન અને વરરાજા કાળા કપડામાં સજ્જ થયા હતા.આ લગ્ન કોઈ મહેલ હોલ કે દરિયા કિનારે નહીં પરંતુ સ્મશાન યોજવામાં આવ્યા છે. વર-વધુએ સ્મશાનમાં ફેરા લીધા હતા. જાનૈયાઓ પણ કાળા કપડા પહેરીને આવ્યા હતા. જાનૈયાને ઉતારો પણ સ્મશાનમાં અપાયો હતો. આવા અનોખા લગ્નનું આયોજન કરીને રામોદના રાઠોડ પરિવારે સમાજમાં વ્યાપેલી અંધશ્રદ્ધાને દૂર કરવા કર્યા હતા.

રામોદ ગામની દીકરી પાયલ રાઠોડ અને જયેશ સરવૈયાના આ અનોખા લગ્ન પાછળની સ્ટોરી જોઈએ તો વર અને વધુના પરિવારે નક્કી કર્યું કે આપણે એવી રીતે લગ્નનું આયોજન કરીએ કે જેનાથી સમાજમાં કોઈ સારો સંદેશ જાય. આ અનોખા લગ્નમાં વર-વધૂએ પણ કાળા પરિધાન પહેર્યા છે.કોઈ ચોઘડિયા કે મુહૂર્ત જોયા વગર ઊંધા ફેરા ફરીને વર-વધુ લગ્નના બંધનથી જોડાયા. વર-વધુએ લગ્ન મંડપમાં સપ્તપદીના બદલે બંધારણનાં સોગંદ લીધા. મૂહૂર્ત, ચોઘડિયા, વસ્ત્રનો રંગ અને વર્ષોથી ચાલી આવતી પરંપરાને તિલાંજલિ આપી.

વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા લોકોએ આ વિવાહને આવકાર્યા છે. વિજ્ઞાન જાથાના ચેરમેન જયંત પંડ્યા પણ આ લગ્નમાં ઉપસ્થિત રહ્યા. તેમણે કહ્યું કે અંધશ્રદ્ધા નાબૂદ કરવા માટે આ લગ્ન એક ઉદાહરણરૂપ છે. લોકોએ વૈજ્ઞાનિક અભિગમ કેળવવો જોઈએ. કાળી વસ્તુ અશુભ છે, લગ્ન તો મુહૂર્તમાં જ થાય આ બધી ઉપજાવેલી વાતો છે. મુર્હુત-ચોઘડીયા માનવીએ બનાવેલ છે.

કાળ-ઝાળ ગરમીથી લોકો ભારે પરેશાન

# રેલવે ઠંડા પાણીની પરબો માટે હવે સ્વૈચ્છિક સંસ્થાઓને અપીલ કરશે

## મુસાફરોને પીવાનું ઠંડું પાણી મળે તેવું આયોજન કરવા રેલવે મંત્રાલયની તાકીદ



અમદાવાદ, તા.૧૮

ગુજરાત સહિત અન્ય રાજયોમાં હાલમાં ઉનાળાની ગરમીના કારણે લોકો ભારે ત્રાહિમામ પોકારી ગયા છે. આ સ્થિતિમાં રેલવેમાં મુસાફરી કરતાં નાગરિકોને ઠંડુ પાણી મળી રહે તે માટેની તમામ વ્યવસ્થા કરવા માટે રેલવે મંત્રાલય દ્વારા સૂચના આપવી પડી છે. મંત્રાલયની સૂચના બાદ હવે દરેક સ્ટેશનો ઉપર મુસાફરોને ઠંડુ પાણી મળી રહે તેવું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના અનુસંધાનમાં એનજીઓ અને સ્વૈચ્છીક સંસ્થાઓને પાણીની પરબ શરૂ કરવા માટે આગળ આવવા અપિલ કરવામાં આવશે. રેલવેમાં મુસાફરી કરવા ઈચ્છતાં મુસાફરો માટે ઠંડા પાણીની વ્યવસ્થા કરવી તે સ્ટેશન અધિકારીની ફરજ છે. આમછતાં કેટલાક સ્ટેશનો ઉપર ઉનાળાની કાળજાળ ગરમીમાં પણ મુસાફરોએ ઠંડુ પાણી શોધવા માટે રઝળપાટ કરવી પડે છે અથવા તો સ્ટેશન ઉપર મળતી પાણીની બોટલો ઉપર આધાર રાખવો પડતો હોય છે. તાજેતરમાં રેલવે મંત્રાલયે ઉનાળાની ગરમીમાં ઉભી થતી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને નવેસરથી તમામ સ્ટેશનો ઉપર ઠંડા પાણીની વ્યવસ્થા કરવા સૂચના આપવી પડી હતી. જેના અનુસંધાનમાં અમદાવાદ રેલવે સ્ટેશન મંડળમાં આવતાં તમામ રેલવે સ્ટેશનો ઉપર ઠંડુપાણી પુરતા જથ્થામાં મળી રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત પાણી ખરેખર પીવા લાયક છે કે નહી તેની પણ ચકાસણી કરવામાં આવી હતી.દરેક પાણીના નળની સફાઈ કરવા ઉપરાંત પાણીની સ્વચ્છતાં માટે કલોરાઈડ આધારિત સફાઈની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત એનજીઓ અને સ્વૈચ્છીક સંસ્થાઓને સેવાલક્ષી પ્રવૃત્તિઓ અંતર્ગત સ્ટેશનો ઉપર પ્યાઉ એટલે કે પાણીની પરબ શરૂ કરવા માટે અપિલ કરવામાં આવશે. ખાસ કરીને સાધારણ શ્રેણીના કોચ પાસે પાણી વિતરણની વ્યવસ્થા ઉભી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

# ૧૦માંથી ૮ ભારતીયો માને છે કે આ દેશ તમામ ધર્મના લોકોનો છે : સર્વે

## આ સર્વે મુજબ, દસમાંથી આઠ ભારતીયો અથવા ૭૯ ટકા વસ્તીને લાગે છે કે, માત્ર હિન્દુઓ જ નહીં, બધા ધર્મોના નાગરિકો સમાન રીતે આ રાષ્ટ્રના માલિક છે

નવી દિલ્હી તા.૧૮

લોકનીતિ-સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ ડેવલપિંગ સોસાયટીઝ (CSDS) દ્વારા હાથ ધરવામાં આવેલો તાજેતરનો પ્રી-પોલ સર્વે વર્તમાન સરકારની ક્રિયાઓ અને ઈરાદાઓ અંગે ભારતીય મતદારોની ધારણાઓ ઉપર પ્રકાશ પાડે છે. આ સર્વે મુજબ, દસમાંથી આઠ ભારતીયો અથવા ૭૯ ટકા વસ્તીને લાગે છે કે, માત્ર હિન્દુઓ જ નહીં, બધા ધર્મોના નાગરિકો સમાન રીતે આ રાષ્ટ્રના માલિક છે. એપ્રિલ ૨૦૨૪માં CSDS લોકનીતિ દ્વારા પ્રી-પોલ મતદાન ભારતીય મતદારોના મંતવ્યો, જેમ કે યુનિફોર્મ સિવિલ કોડ (UCC), G-20 સમિટનું આયોજન અને કલમ ૩૭૦ના રદ જેવા વિષયો અંગે સમજ આપે છે. આ સર્વેના મતદાન અનુસાર, ત્રણમાંથી એક ઉત્તરદાતા (૩૪%) માને છે કે કલમ ૩૭૦ રદ થવી જોઈએ, જયારે છમાંથી એક વ્યકિત (૧૬%) આ નિર્ણય સાથે સંમત છે પરંતુ તેની પ્રક્રિયા સાથે અસંમત છે. ૮ ટકા મતદારો કલમ ૩૭૦ના રદબાતલનો વિરોધ કરે છે અને ૨૨ ટકા લોકોએ તેમનો અભિપ્રાય ન આપવાનું પસંદ કર્યું, જે સૂચવે છે કે કેટલાક મતદારો મહત્વપૂર્ણ રાજકીય સમસ્યાઓથી વાકેફ નથી. આ સર્વે જણાવે છે કે ૧૦માંથી બે મતદારો (૧૯%) એવો ડર વ્યક્ત કરે છે કે UCC ધાર્મિક પરંપરાઓનું ઉલ્લંઘન કરશે, જ્યારે ૧૦માંથી લગભગ ત્રણ મતદારો (૨૯%) માને છે કે UCC મહિલાઓને સશક્તિકરણ કરશે અને તેમને વધુ સમાનતા અને ન્યાય આપશે. ધાર્મિક જૂથો UCCના અમલીકરણ અંગે જુદા જુદા મંતવ્યો ધરાવે છે. ઉદાહરણ તરીકે, હિંદુ મતદારોની મોટી ટકાવારી (૩૧%) માને છે કે UCC મહિલાઓને સશક્ત બનાવશે, પરંતુ મુસ્લિમ મતદારો (૨૯%) શંકા દર્શાવે છે. આ સર્વેક્ષણ દર્શાવે છે કે મોટાભાગના ઉત્તરદાતાઓ મોદી સરકારને 'બીજી તક આપવા' ઈચ્છુક હતા, જે ત્રીજી મુદત માટે લડી રહેલી આ સરકાર માટે એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. જો કે, ફરીથી ચૂંટવાની આ ઈચ્છા અમુક અંશે મર્યાદિત છે, ઉત્તરદાતાઓમાં નોંધપાત્ર પ્રમાણમાં આ સરકારને બીજી તક આપવા માટે તૈયાર નથી. મોટાભાગના ઉત્તરદાતાઓ જેઓ મોદી સરકારને ફરીથી ચૂંટવામાં આવે તેની તરફેણમાં છે તેઓ તેમના કારણો તરીકે મોદીના નેતૃત્વ, કલ્યાણ કાર્યક્રમો અને સદભાવના પરિબળને ટાંકે છે. બીજી તરફ જેઓ આ સરકારનો વિરોધ કરે છે, તેઓ સચોટ અને નક્કર દલીલો આપે છે, જેમાં દર ત્રણમાંથી બે ઉત્તરદાતાઓ અર્થતંત્રની સ્થિતિ અને આર્થિક નીતિઓનો ઉલ્લેખ કરે છે. CSDS લોકનીતિ પ્રી-પોલ સર્વેક્ષણના પરિણામો દર્શાવે છે કે ભારતીય મતદારોમાં સંખ્યાબંધ વિષયો ઉપર નોંધપાત્ર તફાવત છે, જેમ કે કલમ ૩૭૦ નાબૂદ, G-20 સમિટનું આયોજન અને UCC. આ સર્વેક્ષણ એ પણ જણાવે છે કે મતદારોની નારાજગી તેમના નિર્વાહના સાધનો, બેરોજગારી અને મોંઘવારી સાથેની સમસ્યાઓને લીધે છે, જેની અસર તેમના મત આપવાના નિર્ણય ઉપર પડશે.

# બોર્નવીટાને હેલ્થ ડ્રિંકની શ્રેણીમાં કેમ ના મૂકી શકાય

## FSSAIએ અગાઉ પણ ડેરી-આધારિત અને માલ્ટ-આધારિત પીણાંને 'હેલ્થ ડ્રિંક્સ' તરીકે વર્ગીકૃત કરવા સામે ચેતવણી આપી હતી

મુંબઈ તા.૧૮

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું છે કે, બોર્નવીટા અને અન્ય 'સુગર-આધારિત પીણાં'ને હવે ઈ-કોમર્સ પ્લેટફોર્મ ઉપર 'હેલ્થ ડ્રિંક્સ' તરીકે વર્ગીકૃત કરી શકાશે નહીં. ૧૦ એપ્રિલે એક પત્રમાં મંત્રાલયે ઈ-કોમર્સ કંપનીઓને લખ્યું હતું કે, 'નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ (NCPCR) એક વૈધાનિક સંસ્થા છે જે કમિશન ઓફ પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ (CPCR) અધિનિયમ, ૨૦૦૫ની કલમ (૩) હેઠળ રચાયેલી છે, જે CRPC એક્ટ ૨૦૦૫ની કલમ ૧૪ હેઠળ તેની તપાસ પછી એ નિષ્કર્ષ ઉપર આવ્યું છે કે, કોઈ 'હેલ્થ ડ્રિંક' FSS એક્ટ ૨૦૦૬, FSSAI અને Mondelez India Food Pvt Ltd દ્વારા સબમિટ કરેલા નિયમો અને વિનિયમો હેઠળ વ્યાખ્યાયિત કરવામાં આવેલ નથી. તેથી તમામ ઈકોમર્સ કંપનીઓ/પોર્ટલને સલાહ આપવામાં આવે છે કે, તેઓ બોર્નવીટા સહિતના પીણાં/પીણાંને તેમની સાઈટ્સ/પ્લેટફોર્મ પરથી 'હેલ્થ ડ્રિંક્સ'ની શ્રેણીમાંથી દૂર કરે.' બોર્નવીટા સહિત અન્ય કયા ઉત્પાદનો બિનઆરોગ્યપ્રદની સૂચિમાં છે ? તમારા તમામ પ્રશ્નોનો જવાબ FIT આપે છે.




**મંત્રાલયે આ એડવાઈઝરી શા માટે જારી કરી ? :-**

અનુમતિ અને મર્યાદા કરતાં અતિશય ખાંડ હોય તેવા પીણાઓની તપાસ પછી NCPCRએ કહ્યું કે, ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા 'હેલ્થ ડ્રિંક્સ'ને બિલકુલ વ્યાખ્યાયિત કરતી નથી અને તેથી તે અમારા ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળની શ્રેણી નથી.

**પત્રમાં કઈ ઉત્પાદન શ્રેણીથી દૂર રહેવાનો ઉલ્લેખ છે :-**

પત્રમાં એકમાત્ર ઉત્પાદન બોર્નવીટાનો વિશિષ્ટ રીતે ઉલ્લેખ છે. જેને ઈકોમર્સ પ્લેટફોર્મ પર 'હેલ્થ ડ્રિંક્સ' હેઠળ વર્ગીકૃત કરાયેલ તમામ માલિકીના ખોરાક અને પીણાંને લાગુ પડે છે.

**પત્રમાં બોર્નવીટાનો ખાસ ઉલ્લેખ કેમ ? :-**

ગયા વર્ષે એપ્રિલમાં રેવંત હિમતસિંગકા નામના એક પ્રભાવકે (સોશિયલ મીડિયા ઉપર @foodpharmer) 'હેલ્થ ડ્રિંક' કેડબરી બોર્નવીટાની સમીક્ષા કરતો એક વીડિયો પોસ્ટ કર્યો હતો, જ્યાં તેમણે તેના ઉત્પાદનમાં અતિશય ખાંડના ઉપયોગને ફલેગ કર્યો હતો. જો કે, તેણે વીડિયો પોસ્ટ કર્યાના બે અઠવાડિયા પછી મોન્ડેલેઝ ઈન્ડિયા (બોર્નવીટાની પેરેન્ટ કંપની)એ તેને પ્રોડકટને 'બદનામ' કરવા બદલ કાનૂની નોટિસ મોકલી હતી, જે પછી તેને માફી માંગવી પડી હતી. આ બાદ NCPCRએ કંપનીને તેના તમામ ગેરમાર્ગે દોરનારા કમર્શિયલને દૂર કરવા અને તેના વિશે ખુલાસો કરવા જણાવ્યું હતું.

**આ ઉત્પાદનોમાં ખાંડની અનુમતિપાત્ર મર્યાદા કેટલી છે ? :-**

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર અનુમતિપાત્ર ખાંડના સેવનની મર્યાદા ૨-૪ ચમચી અથવા આદર્શ રીતે તમારા આહારના ૧૦ ટકા કરતાં ઓછી હોવી જોઈએ. ગયા વર્ષે જ્યારે વિવાદ તેની ચરમસીમા ઉપર હતો, ત્યારે લોકહિતમાં ન્યુટ્રિશન એડવોકેસી ઈન્ડિયાએ એક નિવેદન બહાર પાડ્યું હતું કે, વધુ પડતી ખાંડનું સેવન વ્યક્તિઓ માટે કેમ હાનિકારક હોઈ શકે છે : 'માનવ સ્વાસ્થ્ય ઉપર અલ્ટ્રા-પ્રોસેસ્ડ ખોરાકના વધતા વપરાશની નકારાત્મક અસરને લગતા જાહેર ક્ષેત્રમાં પૂરતા વૈજ્ઞાનિક પુરાવા હાજર છે, જેમાં સ્થૂળતા, ડાયાબિટીસ, રક્તવાહિની રોગ, કેન્સર અને ડિપ્રેશન (બિન સંચારી રોગો) જેવા અનેક ક્રોનિક રોગોનો સમાવેશ થાય છે.'

**વર્ગીકરણમાં આ તફાવત શા માટે મહત્ત્વપૂર્ણ છે ? :-**

પોષણ અને બિન-સંચારી રોગોના નિષ્ણાતોએ ઘણી વખત ફલેગ કર્યું છે કે, જ્યારે કોઈ ઉત્પાદક તેના ઉત્પાદનને 'સ્વસ્થ' જાહેર કરે છે, ત્યારે સામાન્ય રીતે લોકો, તેમાં કેટલી ખાંડ, પ્રિઝર્વેટિવ્સ, ઈમલ્સિફાયર વગેરે છે તેની તપાસ કર્યા વિના જ તેને સ્વસ્થ માની લે છે. ૨૦૨૩માં એનએપીઆઈના નિવેદનમાં પણ કહેવામાં આવ્યું હતું કે, 'UPFsનું આક્રમક માર્કેટિંગ UPFsના વધતા વપરાશ તરફ દોરી જાય છે; વૈશ્વિક સ્તરે વાસ્તવિક ખોરાકને બદલે બિનઆરોગ્યપ્રદ અને બિનટકાઉ આહાર તરફ દોરી જાય છે.'

# ઈરાને નેતાન્યાહુને સ્પષ્ટપણે કહ્યું જો ઈઝરાયેલ જવાબ આપશે તો અમારી કાર્યવાહી ખૂબ જ ખતરનાક હશે

(એજન્સી) તા.૧૮

ઈઝરાયેલ ઉપર ડ્રોન અને મિસાઈલ હુમલા બાદ ઈરાને કહ્યું હતું કે, જો સુરક્ષા પરિષદ અને આંતરરાષ્ટ્રીય સમુદાય દ્વારા કોઈ જવાબદાર કાર્યવાહી કરવામાં આવી હોત તો અમે આટલું સાહસિક પગલું ન ઉઠાવ્યું હોત. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવકતા નાસેર કાનાનીએ કહ્યું કે, ઈઝરાયેલે ઈરાનના રાજદ્વારી મથકો ઉપર ગુનો આચરવામાં આંતરરાષ્ટ્રીય નિયમોનું ઉલ્લંઘન કર્યું છે તેથી ઈરાને રાજદ્વારી પદ્ધતિઓ ઉપર વિચાર કર્યા બાદ પોતાની જવાબદારી પૂરી કરી છે. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા નાસીર કાનાનીએ કહ્યું કે, અમે સ્વાભાવિક રીતે જ આ કાર્યવાહી (ઈઝરાયેલ ઉપર હુમલો) કરી છે અને જો કોઈ અન્ય કાર્યવાહી (ઈઝરાયેલ દ્વારા) કરવામાં આવશે તો અમારી કાર્યવાહી ચોક્કસપણે વધુ ખતરનાક હશે. હુમલાની નિંદા કરનાર યુરોપીયન દેશોનો ઉલ્લેખ કરતા કાનાનીએ કહ્યું કે, અમારી સલાહ છે કે, ઈઝરાયેલના શાસનના તમામ સમર્થકોએ ઈરાન વિશે અયોગ્ય શબ્દો પસંદ કરવાને બદલે ઈરાનના જવાબદાર અને સંતુલિત પગલાંની પ્રશંસા કરવી જોઈએ. નાસિર કાનાનીએ કહ્યું કે, ઈરાન દ્વારા ઈઝરાયેલ વિરૂધ્ધ જવાબી હુમલા પહેલા કોઈપણ દેશ સાથે કોઈ પૂર્વ આયોજિત કરાર કરવામાં આવ્યો ન હતો. ઈરાને શનિવાર (એપ્રિલ ૧૩)ના રોજ મોડી રાત્રે ઈઝરાયેલી પ્રદેશ ઉપર તેના પ્રથમ સીધા હુમલામાં મિસાઈલ અને વિસ્ફોટક ડ્રોનનો હુમલો કર્યો હતો.

# જો મધ્ય-પૂર્વમાં તંગદિલી જારી રહેશે તો ઈંધણના ભાવ વધશે : જયશંકર

## વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે આપણા દેશે ભારતમાં સ્થિરતાની ભાવનાને અસર કરતા ઘણા રેટિંગ અને રિપોર્ટ્સને પડકારવાનું શરૂ કર્યું છે



નવી દિલ્હી, તા.૧૮

વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે આપણા દેશે ભારતમાં સ્થિરતાની ભાવનાને અસર કરતા ઘણા રેટિંગ અને રિપોર્ટ્સને પડકારવાનું શરૂ કર્યું છે. તેમણે કહ્યું કે રેટિંગ અને રિપોર્ટ્સ બહાર લાવવાના આ પ્રયાસોથી દેશને ખરેખર નુકસાન થઈ રહ્યું છે. જયશંકરે ભારત ઉપર રેટિંગ અને અહેવાલો સાથે બહાર આવતા લોકોના સમાન જૂથ ઉપર અને વારંવાર અને સતત દેશ વિશે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવા ઉપર આશ્ચર્ય વ્યક્ત કર્યું.વિદેશ મંત્રીએ કહ્યું કે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે કે અમારી પાસે મજબૂત બહુમતીવાળી સરકાર હોય, જે સાહસિક પગલાં લેતી રહેશે, જે મોટું વિચારી શકશે. આ યોજનાઓ દ્વારા, અમે સૌથી ગરીબ લોકોની આકાંક્ષાઓ અને યુવાનોની આકાંક્ષાઓને પણ પૂર્ણ કરી શકીશું, જેથી અમે પાછળ રહી ન જઈએ. જયશંકરે કહ્યું કે આજે યુક્રેનમાં યુદ્ધ છે. ઈઝરાયેલ અને ગાઝા વચ્ચે યુદ્ધ ચાલુ છે, અમે લાલ સમુદ્રના પ્રદેશ અને અરેબિયામાં તણાવ જોઈ રહ્યા છીએ. તેથી આવનારા વર્ષો ખૂબ જ મુશ્કેલ છે. આવા સમય માટે, આપણને વૈશ્વિક સમજ અને વૈશ્વિક આદર ધરાવતા અનુભવી નેતાની જરૂર છે. તેમણે કહ્યું કે જ્યારે તમારી પાસે આ રેટિંગ્સ હોય ત્યારે ઘણા કિસ્સાઓમાં તે ખૂબ જ રસપ્રદ હોય છે. જો કોઈ ખરેખર તેને ખોદવાની તસ્દી લે, તો તમને એવા લોકોના નામ મળશે કે જેમની સલાહ લેવામાં આવી છે અને તમને આશ્ચર્ય થશે કે વિશ્વમાં ભારત વિશે કેટલા અહેવાલો બનાવવામાં આવે છે અને તે જ લોકોના જૂથમાંથી કેવી રીતે સલાહ લેવામાં આવે છે. તેઓ સતત અલગ-અલગ લોકો સમક્ષ તેમના મંતવ્યો વ્યકત કરે છે.જયારે તેમને પૂછવામાં આવ્યું કે જયોર્જ સોરોસ પોતાની વિચારધારાને આગળ લાવવા માટે ઘણા દેશોને અપમાનિત કરવા માટે NGO ઉપર પૈસા ખચી રહ્યા છે. તેના ઉપર જયશંકરે કહ્યું કે અમે આજે આ વાત એટલા માટે દર્શાવી રહ્યા છીએ કારણ કે આ માત્ર એક વિવાદાસ્પદ મુદ્દો નથી, કેટલીકવાર આ વાસ્તવમાં દેશને નુકસાન પહોંચાડે છે. તેમણે એમ પણ કહ્યું કે ઘણા કિસ્સાઓમાં ભારતના રેટિંગને ખૂબ જ ધ્યાનમાં લેવામાં આવે છે, જો કે આ કથિત રીતે બિન-નાણાકીય અને બિન-આર્થિક ખેલાડીઓ દ્વારા લાવવામાં આવે છે.

# ૭ યુરોપિયન દેશો પેલેસ્ટીનને માન્યતા આપવા તૈયાર : આઈરિશ, સ્પેનિશ નેતાઓ

(એજન્સી) તા.૧૮

આઈરિશ અને સ્પેનિશ નેતાઓએ કહ્યું છે કે, જ્યારે છ યુરોપિયન દેશોના જૂથે પેલેસ્ટીનને એક રાજય તરીકે સત્તાવાર રીતે માન્યતા આપી છે તે સમય નજીક આવી રહ્યો છે. નવા આઈરિશ વડાપ્રધાન સિમોન હેરિસ અને તેમના સ્પેનિશ સમકક્ષ પેડ્રો સાંચેઝે શુક્રવારના દિવસે જ્યારે પરિસ્થિતિઓ યોગ્ય હોય ત્યારે પેલેસ્ટીનને શક્ય તેટલી વહેલી તકે એક રાજય તરીકે માન્યતા આપવાની તેમની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી હતી. હેરિસ અને સાંચેઝે ડબલિનમાં સરકારી ઈમારતોમાં સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ દરમ્યાન જાહેરાત કરી. હેરિસે જણાવ્યું હતું કે, EU રાજ્યો ગયા મહિને સંમત થયા હતા કે જ્યારે સ્થિતિ યોગ્ય હશે ત્યારે તેઓ પેલેસ્ટીનને માન્યતા આપવા આગળ વધશે. તેમણે કહ્યું, તે સમય ખૂબ નજીક આવી રહ્યું છે અને અમે સાથે આગળ વધવા માંગીએ છીએ. પેલેસ્ટીનના લોકો લાંબા સમયથી તેમના પોતાના દેશ અને સાર્વભૌમત્વની ગરિમાની માંગ કરી રહ્યા છે. તેમણે ઉમેર્યું, જ્યારે અમે આગળ વધીએ છીએ, ત્યારે અમે શક્ય તેટલા અન્ય લોકો સાથે આવું કરવા માંગીએ છીએ અને પછી અમે ઈઝરાયેલના લોકોને નિર્ણય મોકલીએ છીએ. હેરિસે ઉમેર્યું હતું કે પેલેસ્ટીનના લોકો સમાન સન્માનના હકદાર છે. એવા પ્રદેશમાં જ્યાં તમામ ધર્મો અને પરંપરાઓના લોકો શાંતિથી એક સાથે આવે છે, હું જાણું છું કે તે અમારો સહિયારો હેતુ છે. આઈરિશ નેતાએ કહ્યું કે, આઈરિશ અને સ્પેનિશ બંને રાષ્ટ્રો ઈઝરાયલ અને પેલેસ્ટીન સાથે શાંતિ અને સલામતી સાથે સાથે રહેતા બે-રાજય ઉકેલના દૃષ્ટિકોણ માટે પ્રતિબદ્ધ છે. આઈસલેન્ડ, સ્વીડન, પોલેન્ડ, ચેક રિપબ્લિક અને રોમાનિયા એવા દેશોમાં સામેલ છે જેમણે પેલેસ્ટીની રાજયને કાનૂની માન્યતા આપી છે. સાંચેઝે કહ્યું હતું કે, દેશો ક્યારે પેલેસ્ટીની રાજ્યને માન્યતા આપવા આગળ વધશે તે કહેવું અત્યારે શક્ય નથી. નોર્વેએ સાંચેઝની મુલાકાત દરમ્યાન જાહેરાત કરી હતી કે તે પણ પેલેસ્ટીની રાજ્યને માન્યતા આપવા તૈયાર છે તેના કલાકો પછી આ ટિપ્પણીઓ આવી છે. સ્પેનિશ સરકારના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, સ્પેનિશ નેતા હાલમાં યુરોપિયન પ્રવાસ પર છે, જેનો હેતુ આ પગલાં માટે સમર્થન વધારવાનો છે. અગાઉના વડાપ્રધાન લીઓ વરાડકરે ગયા મહિને અનપેક્ષિત રીતે રાજીનામું આપ્યા પછી હેરિસ આ અઠવાડિયે આયર્લેન્ડના વડાપ્રધાન બન્યા હતા. આયર્લેન્ડે વારંવાર પેલેસ્ટીની રાજયને માન્યતા આપવાનું કહ્યું છે અને તેના નવા નેતા પ્રતિજ્ઞાને પૂર્ણ કરવા આતુર દેખાય છે. હેરિસે કહ્યું, જ્યારે અમે આગળ વધીએ છીએ, ત્યારે અમે નિર્ણયને વજન આપવા અને સૌથી મજબૂત સંદેશ મોકલવા માટે શક્ય તેટલા અન્ય લોકો સાથે આવું કરવા માંગીએ છીએ. તેમણે ઉમેર્યું, પેલેસ્ટીનના લોકો લાંબા સમયથી તેમના પોતાના દેશ અને સાર્વભૌમત્વની ગરિમાની માંગ કરી રહ્યા છે,એક ઘર જે આયર્લેન્ડ અને સ્પેનની જેમ પૃથ્વીના દેશોમાં તેનું સ્થાન લઈ શકે. સાંચેઝે ઉમેર્યું હતું કે ઉત્સુક દેશો જ્યારે પરિસ્થિતિઓ યોગ્ય હશે ત્યારે તેમના નિર્ણયની જાહેરાત કરશે અને તેઓ નવા પેલેસ્ટીની રાજ્યને સંયુક્ત રાષ્ટ્રના સંપૂર્ણ સભ્ય બનવાનું સમર્થન કરશે. અગાઉ, નોર્વેના વડાપ્રધાન જોનાસ ગહર સ્ટોરે જણાવ્યું હતું કે, નિર્ણય સમાન વિચાર ધરાવતા દેશો સાથે નજીકથી સંકલન કરવામાં આવશે. સ્ટોરે સાંચેઝ સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, નોર્વે પેલેસ્ટીન રાજ્યને માન્યતા આપવા તૈયાર છે. તેમણે ઉમેર્યું, અમે કોઈ ચોક્કસ સમયપત્રક નક્કી કર્યું નથી. નોર્વેની સંસદે નવેમ્બરમાં એક સ્વતંત્ર પેલેસ્ટીની રાજ્યને માન્યતા આપવા માટે તૈયાર થવા માટે એક ઠરાવ પસાર કર્યો હતો. ૨૨ માર્ચે EU નેતાઓની સમિટની બાજુમાં, સ્પેન, આયર્લેન્ડ, માલ્ટા અને સ્લોવેનિયાએ એક નિવેદન બહાર પાડ્યું હતું કે તેઓ પરિસ્થિતિ યોગ્ય હોય ત્યારે પેલેસ્ટીનને માન્યતા આપવા માટે તૈયાર છે. સાંચેઝે ગયા અઠવાડિયે મધ્ય પૂર્વના પ્રવાસ દરમિયાન કહ્યું હતું કે, તેમને આશા છે કે તે જૂનના અંત સુધીમાં થશે. શાસક ગઠબંધન દ્વારા પેલેસ્ટીની રાજ્યને તાત્કાલિક માન્યતા આપવાની હાકલ કરતા નાના પક્ષો દ્વારા ઠરાવનો સામનો કરવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી. ૭ ઓક્ટોબરથી, ઘેરાયેલા ગાઝા પટ્ટીના લોકો સામે ઈઝરાયેલના નરસંહારના યુદ્ધની વચ્ચે પેલેસ્ટીનીઓ સાથે એકતાના જાહેર પ્રદર્શનમાં લાખો લોકો સમગ્ર યુરોપમાં શેરીઓમાં ઉતર્યા છે. પશ્ચિમી શિબિર, ઓછામાં ઓછાં યુનાઈટેડ સ્ટેટ્સ, બ્રિટન, જર્મની અને ફ્રાન્સે, તેના બદલે, ઈઝરાયેલને અચલ સમર્થન ઓફર કર્યું છે. પેલેસ્ટીની પ્રતિકાર ચળવળ હમાસ દ્વારા પેલેસ્ટીનીઓ સામે ઈઝરાયેલની તીવ્ર હિંસાના જવાબમાં કબજે કરનાર તત્વો સામે આશ્ચર્યજનક ઓપરેશન અલ-અકસા સ્ટ્રોમ ચલાવ્યા પછી ઈઝરાયેલે ૭ ઓક્ટોબરના રોજ ગાઝા ઉપર યુદ્ધ શરૂ કર્યું હતું.

# 'સાઈરનના અવાજો, ઘરેથી કામ કરવું અને ઊંઘ પૂરી થતી નથી' : ઈઝરાયેલમાં કામ કરતા ભારતીયો ચિંતાતુર છે

(એજન્સી) તા.૧૮

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવને કારણે ઈઝરાયેલમાં કામ કરતા ભારતીયોને ચેતવણી આપવામાં આવી છે. શનિવારની રાત્રે, ઈરાને ઈઝરાયેલી પ્રદેશ પર ડ્રોન અને મિસાઈલ હુમલો કર્યા પછી, આ ભારતીયો સતત જાગતા રહ્યા હતા જેથી સત્તાવાળાઓ તરફથી આપવામાં આવતી કોઈપણ ચેતવણીઓ તેઓ જાણી શકે. આશરે ૧૮,૦૦૦ ભારતીયો કેરગીવર્સ અને કૃષિ કામદારો, ઈઝરાયેલમાં કામ કરી રહ્યા છે. આ વર્ષે માર્ચમાં, કૃષિ વિઝા ઉપર આવેલા કેરળના એક વ્યક્તિનું ઉત્તર ઈઝરાયેલમાં હિઝબુલ્લા રોકેટથી મૃત્યુ થયું હતું. તે ખેતરમાં કામ કરી રહ્યો હતો. તેલ અવીવમાં સંભાળ રાખનારની નોકરી કરતાં અને કેરળના વતની કે જોસેફે કહ્યું કે, અહીં જીવન સામાન્ય છે, પરંતુ ઈરાનના હુમલાના ખતરાને પગલે દરેક લોકો એલર્ટ ઉપર છે. અમે મિસાઈલ હુમલા વિશે ચેતવણી આપતા સાયરન સાંભળીએ છીએ અને અમને આશ્રયસ્થાનોમાં પાછા ફરવાનું કહેવામાં આવ્યું છે. રાત્રે, આ હુમલાઓ થયા હતા, પરંતુ આયર્ન ડોમ (ઈઝરાયેલની એર ડિફેન્સ સિસ્ટમ)એ તેમને અટકાવ્યા હતા. તેમણે કહ્યું કે શાળાઓ બંધ છે અને કંપનીઓ કર્મચારીઓને ઘરેથી કામ કરવાની મંજૂરી આપી રહી છે. દિલીપબાબુ નામના ભારતીય એગ્રીકલ્ચરલ વિઝા ઉપર ત્યાં ગયા છે, તેમણે કહ્યું કે હુમલા બાદ તેમણે ચિંતામાં રાત વિતાવી હતી. છેલ્લી રાત્રે, અમને ઊંઘ આવી ન હતી. અમે બધા હવાઈ હુમલાને લઈને ચિંતિત હતા. રાત્રે ૨.૩૦ વાગ્યે હુમલો થયો અને અમે બધા જાગૃત રહ્યા હતા, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એકબીજાના સંપર્કમાં રહ્યા અને સુરક્ષાની ચિંતાઓ શેર કરી હતી. લેબેનોનની સરહદે આવેલા વિસ્તારોમાં કામ કરતા લોકો પણ બેચેન છે. પરંતુ બધાને ઈઝરાયેલ સુરક્ષા વ્યવસ્થા અને આયર્ન ડોમમાં વિશ્વાસ છે. ઘણીવાર આપણે જોઈ શકીએ છીએ કે કેવી રીતે મિસાઈલોને આયર્ન ડોમ દ્વારા અટકાવવામાં આવી રહી છે. આ વર્ષે માર્ચમાં ખેતરમાં કામ કરતાં એક કેરળના યુવાનનું મૃત્યુ થયું હતું એ પછી, ઉત્તર ઈઝરાયેલના ખેતરોમાં કામ કરતા ભારતીય કૃષિ કામદારો દેશના આંતરિક ભાગમાં સ્થળાંતર થયા છે, જો કે અન્ય ઘણા સરહદી વિસ્તારોમાં પણ રહે છે.

### ભારતમાં છેલ્લી વસ્તી ગણતરી ૨૦૧૧ માં હાથ ધરવામાં આવી હતી

# ભારતની કુલ વસ્તી UNના રિપોર્ટ મુજબ ખુલાસો, ચીનને પાછળ છોડ્યું

## ભારતની વસ્તી ૧૪૪ કરોડ થઈ ગઈ છે : આમાં ૨૪ ટકા વસ્તી ૦ થી ૧૪ વર્ષથી ઓછી વયની છે

નવી દિલ્હી, તા.૧૮

યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડે ભારતનો તાજેતરનો વસ્તી અહેવાલ જાહેર કર્યો, ભારત વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બની ગયો ભારતમાં છેલ્લી વસ્તી ગણતરી ૨૦૧૧ માં હાથ ધરવામાં આવી હતી. જોકે તે સમયે ભારત ચીન પછી બીજા નંબરનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ હતો અને દેશની વસ્તી ૧૨૧ કરોડ હતી. યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA) એ ભારતનો તાજેતરનો વસ્તી અહેવાલ જાહેર કર્યો છે. જે મુજબ ભારત વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બની ગયો છે. વાત જાણે એમ છે કે, અહેવાલ મુજબ ભારતની વસ્તી ૧૪૪ કરોડ થઈ ગઈ છે. આમાં ૨૪ ટકા વસ્તી ૦ થી ૧૪ વર્ષથી ઓછી વયની છે.

યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA) એ ભારતનો તાજેતરનો વસ્તી અહેવાલ જાહેર કર્યો છે. રિપોર્ટમાં એવો પણ અંદાજ લગાવવામાં આવ્યો છે કે, આવનારા ૭૭ વર્ષમાં ભારતની વસ્તી બમણી થઈ જશે. વસ્તીની સાથે રિપોર્ટમાં નવજાત બાળકોના મૃત્યુ, મહિલાઓની સ્થિતિ અને LGBTQ વગેરેનો ડેટા પણ આપવામાં આવ્યો છે. રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે ભારતમાં માતૃ મૃત્યુમાં મોટો ઘટાડો થયો છે. યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડના રિપોર્ટ અનુસાર ભારતની ૧૪૪.૧૭ કરોડ વસ્તીમાંથી ૨૪ ટકા ૦-૧૪ વર્ષની વય જૂથમાં છે જ્યારે ૧૭ ટકા ૧૦-૧૯ વર્ષની વય જૂથમાં છે. એટલું જ નહીં ભારતમાં ૧૦-૨૪ વર્ષની વય જૂથમાં પણ ૨૬ ટકા છે જ્યારે ૧૫-૬૪ વર્ષની વય જૂથમાં સૌથી વધુ ૬૮ ટકા છે. આ ઉપરાંત ભારતની ૭ ટકા વસ્તી ૬૫ વર્ષ અને તેથી વધુ વયની છે જેમાં પુરુષોનું આયુષ્ય ૭૧ વર્ષ અને સ્ત્રીઓનું ૭૪ વર્ષ છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ભારતમાં માતા મૃત્યુ દરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જે વિશ્વભરના આવા તમામ મૃત્યુના ૮ ટકા છે. ભારતમાં આ સફળતાનો શ્રેય જનતાને સસ્તી અને સારી આરોગ્ય સેવાઓ પૂરી પાડવા અને લિંગ ભેદભાવ ઘટાડવાના સરકારના પ્રયાસોને આપવામાં આવ્યો છે. PLOSના ગ્લોબલ પબ્લિક હેલ્થ રિપોર્ટને ટાંકીને દ્રહૂઁછએ જણાવ્યું હતું કે, સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે ભારતના ૬૪૦ જિલ્લાઓમાંથી એક તૃતીયાંશ જિલ્લાઓએ માતા મૃત્યુ ઘટાડવા માટે ટકાઉ વિકાસ લક્ષ્ય હાંસલ કર્યું છે. ભારત સરકાર દ્વારા નવજાત મૃત્યુ દર ઘટાડવા અને શિશુઓ અને માતાઓને પૌષ્ટિક આહાર આપવા માટે ઘણી યોજનાઓ ચલાવવામાં આવી રહી છે. આ ઉપરાંત સારી અને સસ્તી આરોગ્ય સેવાએ પણ વસ્તી વૃદ્ધિમાં મહત્વનો ભાગ ભજવ્યો છે.

### ભારતના લોકોની મુસાફરીની રુચિને લઈને રિપોર્ટ

# ઈસ્લામિક દેશ ભારતના એકલા પ્રવાસીઓમાં સૌથી વધુ લોકપ્રિય

## રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાંથી સોલો ટ્રાવેલર્સમાં યુનાઈટેડ આરબ અમીરાત સૌથી લોકપ્રિય દેશ છે

દુબઈ, તા.૧૮

તાજેતરના એક અહેવાલમાં ખુલાસો થયો છે કે ભારતના એકલા પ્રવાસીઓ, એટલે કે એકલા પ્રવાસે જતા લોકો, ઈસ્લામિક દેશ યુનાઈટેડ આરબ અમીરાત જવાનું સૌથી વધુ પસંદ કરે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાંથી સોલો ટ્રાવેલર્સમાં સૌથી વધુ લોકપ્રિય દેશો યુનાઈટેડ આરબ અમીરાત, ઈજિપ્ત, સિંગાપોર અને વિયેતનામ છે.ઓનલાઈન વિઝા એપ્લિકેશન પ્લેટફોર્મ એક રિપોર્ટમાં જણાવ્યું છે કે ભારતમાંથી લગભગ ૬૫% સોલો ટ્રાવેલર્સે યુનાઈટેડ આરબ અમીરાતવિઝા માટે અરજી કરી છે, ૬૦% સોલો ટ્રાવેલર્સ ઈજિપ્ત, ૪૦% સિંગાપોર અને ૪૫% વિયેતનામ જવાનું પસંદ કરે છે.આ રિપોર્ટ એટલીસ પ્લેટફોર્મ પર આ ઉનાળામાં વિઝા માટે અરજી કરનારા લોકોની વિઝા અરજીઓ પર આધારિત છે. એક મોબાઈલ વિઝા એપ્લિકેશન એપ છે જેના હેઠળ તમે ૧૩૩ થી વધુ દેશો માટે ઈ-વિઝા મેળવી શકો છો.રિપોર્ટમાં ગ્રુપ ટુરની પણ ચર્ચા કરવામાં આવી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે જ્યારે ગ્રુપ ટૂરની વાત આવે છે, ત્યારે લગભગ ૨૦% વિઝા અરજીઓ યુનાઈટેડ આરબ અમીરાત માટે, ૩૦% ઈજિપ્ત માટે, ૨૫% સિંગાપોર માટે અને ૨૦% વિયેતનામ માટે હતી.રિપોર્ટમાં વધુમાં જણાવાયું છે કે વિઝા અરજીના ક્ષેત્રમાં પુરુષોનું વર્ચસ્વ છે. ૭૭% પુરુષોએ યુનાઈટેડ આરબ અમીરાતઅને ૭૧% સિંગાપોર માટે અરજી કરી છે.તે જ સમયે, ૩૦% મહિલા પ્રવાસીઓએ સિંગાપોર વિઝા માટે અને ૨૫% યુએઈ માટે અરજી કરી હતી.રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે દુબઈ યુનાઈટેડ આરબ અમીરાતબેંગલુરુ, મુંબઈ, દિલ્હી અને હૈદરાબાદના પ્રવાસીઓમાં લોકપ્રિય છે, જ્યારે વિયેતનામ માટે મોટાભાગની વિઝા અરજીઓ બેંગલુરુ, મુંબઈ અને દિલ્હી જેવા શહેરોની હતી.તેમાં કહેવામાં આવ્યું છે કે બેંગલુરુ, મુંબઈ અને દિલ્હીના પ્રવાસીઓએ સિંગાપોર માટે વધુ શોધ કરી હતી અને મુંબઈ, બેંગલુરુ અને દિલ્હીના લોકોએ ઈજિપ્તમાં ઊંડો રસ દાખવ્યો હતો.

# ગુજરાતની સ્કૂલોમાં ૬ મેથી ૯ જુન સુધી ઉનાળુ વેકેશન રહેશે

ગાંધીનગર, તા.૧૮

ઉનાળાના પ્રારંભની સાથે ગુજરાતની સ્કૂલોમાં ૩૪ દિવસના વેકેશનનો પ્રારંભ થઈ ગયો છે. પ્રાથમિક શાળાઓમાં ૭ મેથી ૯ જુન સુધી વેકેશન રહેશે. આ વખતે પ્રાઈમરી શાળાના વિદ્યાર્થીઓને ૩૫ દિવસનું વેકેશન મળશે.

પ્રાથમિક શાળાઓમાં પરીક્ષા પૂરી થયા પછી વેકેશનની જાહેરાત કરવામાં આવી છે. બાળકો હંમેશા વેકેશન માણવા ઉત્સુક હોય છે. શિક્ષણ નિયામકની કચેરી ૨૨૦ દિવસ અભ્યાસ કરવા અને તે મુજબ રજાઓનું આયોજન કરવા સૂચના આપતી હોય છે. આને ધ્યાનમાં રાખીને ૩૫ દિવસનું વેકેશન આપવામાં આવ્યું છે. આ જ વેકેશન માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને પણ લાગુ પડે છે. આમ પ્રાથમિક શાળાઓમાં નવું સત્ર ૧૦મી જુનથી શરૂ થશે. ઉનાળાના વેકેશનના પગલે પ્રાથમિક સ્કૂલોમાં વાર્ષિક પરીક્ષાઓનું પરિણામ ક્યારે આવશે તે અંગેની કોઈ તારીખ જાહેર કરવામાં આવી નથી. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે પણ રાજયની પ્રાથમિક શાળામાં ૩૫ દિવસનું ઉનાળું વેકેશન આપવામાં આવ્યું હતું.

### સીમાના પાકિસ્તાની પતિએ કોર્ટમાં અરજી દાખલ કરી

# પાકિસ્તાની મહિલા સીમા અને સચિનની મુશ્કેલી વધી

## ૨૭ મે ના રોજ કેસની આગામી સુનાવણી થશે

પાકિસ્તાન, તા.૧૮

પાકિસ્તાનથી આવેલી મહિલા સીમા જેણે ભારત દેશના સચિન સાથે લગ્ન કરી લીધા છે જ્યાં મળતી માહિતી અનુસાર સીમા અને સચિનની મુશ્કેલીઓ વધી છે વાત કરીએ તો સીમાના પાકિસ્તાની પતિએ કોર્ટમાં અરજી દાખલ કરી છે જેનો હવે સીમા અને સચિને જવાબ આપવો પડશે.

પાકિસ્તાની નાગરિક સીમા હૈદરના પાકિસ્તાની પતિ ગુલામ હૈદર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર જિલ્લા કોર્ટની ફેમિલી કોર્ટે સમન્સ આપ્યુ છે. કોર્ટે સીમા હૈદર, સચિન મીના અને લગ્ન આયોજકોને સમન્સ આપ્યુ છે. આ કેસની આગામી સુનાવણી ૨૭ મેના રોજ થશે. આ કેસમાં અરજી પાણીપતના એડવોકેટ મોમિન મલિક વતી દાખલ કરવામાં આવી હતી. મોમિન મલિકે જણાવ્યું હતું કે તાજેતરમાં જ ઉજવાયેલી સીમા અને સચિન મીનાની લગ્નની વર્ષગાંઠને કોર્ટમાં પડકારવામાં આવી છે.તેમજ કાર્યક્રમમાં ભાગ લેનારાઓને પણ કેસમાં પક્ષકાર બનાવવામાં આવ્યા છે. લગ્ન સિવાય બાળકોને દત્તક લેવાની પ્રક્રિયા, ધર્મ પરિવર્તન વગેરેને કોર્ટમાં પડકારવામાં આવ્યો છે.

વકીલના મતે સીમાએ કોર્ટમાં સાબિત કરવું પડશે કે તેણે ધર્મ પરિવર્તન ક્યારે કર્યું? આ સિવાય સગીર બાળકોનો ધર્મ પણ આ રીતે બદલી શકાય નહીં. જેમને સમન્સ જાહેર કરવામાં આવ્યા છે તેઓએ સુનાવણીની તારીખે કોર્ટમાં હાજર રહેવું પડશે. મહત્વપૂર્ણ છે કે ૩ જુલાઈ ૨૦૨૩ના રોજ સીમા હૈદરની હરિયાણાના બલ્લભગઢથી ધરપકડ કરવામાં આવી હતી. તે ગૌતમ બુદ્ધ નગરના રાબુપુરામાં રહેતા સચિન મીના સાથે નેપાળ થઈને ભારત આવી હતી. આ દરમિયાન સીમાના એડવોકેટ એપી સિંહનું કહેવું છે કે જે દેશના નાગરિક સાથે દુશ્મનાવટ છે તેની અરજી કોર્ટમાં ન જઈ શકે. કોર્ટમાં તમામ હકીકતો રજૂ કરવામાં આવશે. પાકિસ્તાનના સિંધ પ્રાંતની સીમા હૈદર અને રાબુપુરાના સચિન મીનાની લવસ્ટોરી છેલ્લા ૧૧ મહિનાથી ચર્ચામાં છે. સચિન અને સીમા PUBG રમતી વખતે સંપર્કમાં આવ્યા હતા અને ત્યારબાદ તેઓ પ્રેમમાં પડ્યા હતા. આ પછી, તેઓ માર્ચ ૨૦૨૩ માં નેપાળમાં પ્રથમ વખત મળ્યા હતા અને તે પછી સીમા તેના બાળકો સાથે ૪ મે ૨૦૨૩ ના રોજ નેપાળથી પાકિસ્તાનથી રબુપુરા આવી હતી. જેની બાદમાં પોલીસે ધરપકડ કરી હતી અને તેને જામીન મળી ગયા હતા. ત્યારથી તે અહીં સચિન સાથે રહે છે. જેના દ્વારા સરકાર પાસે ભારતીય નાગરિકતાની પણ માંગણી કરવામાં આવી છે

### ઈન્સ્ટાગ્રામની રીલ જોઈ ટુર બુક કરાવશો નહીં

# સોશિયલ મીડિયાના માધ્યમથી બાલીનું કપલ પેકેજ બુક કરાવવાની ભૂલ યુવકને ભારે પડી

## ભેજાબાજે પેકેજના રૂપિયા ૧.૧૮ લાખ ઓનલાઈન મેળવી લીધા પછી ફોન બંધ કરી

સુરત, તા.૧૮

સોશિયલ મીડિયાના જમાનામાં ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ જેવા પ્લેટફોર્મ પર અનેક જાહેરાતો આવતી હોય છે. ઈન્સ્ટાગ્રામ રીલ્સ પર ખાસ કરીને ટુર પેકેજની લોભામણી જાહેરાતો જોવા મળતી હોય છે. આવી જ જાહેરાત જોઈ ઈન્ડોનેશિયાના બાલીનું કપલ પેકેજ બુક કરાવવાની ભૂલ કતારગામના યુવકને ભારે પડી છે. કતારગામ વિસ્તારમાં રહેતો મોબાઈલ એસેસરીઝનો વેપારી સોશીયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ ઉપર વિદેશ ટૂરની ઈન્ટરવલ ટ્રાવેલ કંપનીની જાહેરાત જાઈ ઈન્ડોનેશિયાના બાલી ફરવા માટે કપલ પેકેજ બુક કરાવ્યું હતું. ભેજાબાજે પેકેજના રૂપિયા ૧.૧૮ લાખ પડાવી લીધા બાદ ફોન બંધ કરી દીધા હતા. વેપારીને તેની સાથે ઓનલાઈન સાયબર ક્રાઈમ ળોડનો ભોગ બન્યા હોવાનો ખ્યાલ આવતા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ કતારગામ કંતારેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં નારાયણનગર સોસાયટીમાં રહેતા ૨૬ વષીય મીત રસીકલાલ ચૌહાણ ઘરેથી મોબાઈલ એસેસીરીઝનો વેપાર ધંધો કરે છે. મૂળ બનાસકાંઠાના સુઈગામ તાલુકાના ભરડવા ગામના વતની મીત ગઈ તા ૬ જુન ૨૦૨૩ના રોજ પોતાના મોબાઈલમાં ઈન્સ્ટાગ્રામ ઓપન કરી જોઈ રહ્યો હતો. તે વખતે ઈન્ટરવલ ટ્રાવેલ કંપનીના નામે વિદેશ ટુર તથા ઈન્ડિયા ટુરની જાહેરાત જોઈ હતી. ત્યાર પછી મીત ચૌહાણે ઈન્ડોનેશિયાના બાલી ખાતે ફરવા જવા માટે ઈન્ટરવલ ટ્રાવેલ્સ કંપની વોટ્સઅપ નંબર કોલ કરી ઈન્ડોશિયાના બાલીનું ૬ રાત્રી અને ૭ દિવસવાળુ કપલ પેકેજ સિલેક્ટ કર્યુ હતું અને તેના રૂપિયા ૧.૧૮ ઓનલાઈન કંપનીના બેન્કના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. પૈસા પડાવી લીધા બાદ કંપની દ્વારા તેના મોબાઈલ ઉપાડવાના બંધ કરી દીધા હતા. મીતને ખ્યાલ આવી ગયો કે તેની સાથે છેતરપિંડી કરવામાં આવી છે. કતારગામ પોલીસે મીતની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી મોબાઈલ રેકર્ડના આધારે તપાસ શરૂ કરી છે.

### બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન સેનામાં જોડાયા હતા

# IAFના સૌથી વૃદ્ધ પાયલટનું ૧૦૩ વર્ષની વયે નિધન થયું


નવી દિલ્હી, તા.૧૮

ભારતીય વાયુસેનાના સૌથી વૃદ્ધ અને ભૂતપૂર્વ પાયલટ સ્ક્વોડ્રન લીડર (નિવૃત્ત) દલીપ સિંહ મજીઠિયાનું નિધન થયું છે. તેઓ બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન ભારતીય વાયુસેનામાં જોડાયા હતા. તેમની ઉંમર ૧૦૩ વર્ષની હતી. મંગળવારે વહેલી સવારે ઉત્તરાખંડના રૂદ્રપુરમાં તેમનું અવસાન થયું. તેમના સાથીદારો તેમને પ્રેમથી 'માજી' કહીને બોલાવતા.સ્ક્વોડ્રન લીડર મજીઠિયાનું નિધન એક યુગનો અંત દર્શાવે છે, જે બહાદુરી અને સમર્પણનો વારસો છોડીને જાય છે. શિમલામાં જન્મેલા સ્ક્વોડ્રન લીડર મજીઠિયાની ભારતીય વાયુસેનામાં પ્રવાસ બીજા વિશ્વ યુદ્ધના સંઘર્ષ ભરેલા વર્ષો દરમિયાન શરૂ થયો હતો. ઉડ્ડયન પ્રત્યેના તેમના જુસ્સાને લીધે, તેઓ ૧૯૪૦ માં IAF સ્વયંસેવક અનામતમાં જોડાયા.હવાઈ લડાઈના સૌથી પડકારજનક વર્ષોથી ભરેલી કારકિદી દરમિયાન, સ્ક્વોડ્રન લીડર મજીઠિયાએ હરિકેન અને સ્પિટફાયર જેવા એરક્રાફ્ટમાં ૧,૧૦૦ કલાકથી વધુ નેવિગેટિંગ મિશનમાં ઉડાન ભરી હતી. તેમની અસાધારણ પ્રતિભાએ તેમને લાહોરના વોલ્ટનમાં પ્રારંભિક તાલીમ શાળામાં તેમની તાલીમ દરમિયાન પ્રતિષ્ઠિત 'શ્રેષ્ઠ પાયલટ ટ્રોફી' અપાવી હતી.દલીપ સિંહ મજીઠિયાનો જન્મ ૨૭ જુલાઈ ૧૯૨૦ના રોજ શિમલામાં થયો હતો. તેમણે ૫ ઓગસ્ટ ૧૯૪૦ના રોજ બ્રિટનના બે ટ્રેનર્સ સાથે વોલ્ટન એરફિલ્ડ, લાહોરથી ટાઈગર મોથ એરક્રાફ્ટમાં પ્રથમ વખત ઉડાન ભરી હતી. માત્ર બે અઠવાડિયા પછી, તેણે પ્રથમ વખત એકલા ઉડાન ભરી. ત્યારે તેની ઉંમર માત્ર ૨૦ વર્ષની હતી. ભારતીય વાયુસેનાએ મંગળવારે તેના હીરોને છેલ્લી વિદાય આપી હતી.

### અમિતાભ બચ્ચનને વધુ એક સન્માન મળશે

# અમિતાભ બચ્ચનને લતા દીનાનાથ મંગેશકર એવોર્ડથી સન્માનિત કરાશે

## ૨૪ એપ્રિલે એવોર્ડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે



નવી દિલ્હી, તા.૧૮

બોલિવૂડના દિગ્ગજ અમિતાભ બચ્ચનને રાષ્ટ્ર, તેના લોકો અને સમાજ પ્રત્યેના નોંધપાત્ર સમર્પણ બદલ પ્રતિષ્ઠિત ત્રીજા લતા દીનાનાથ મંગેશકર પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. જે વિશે મંગેશકર પરિવારે મંગળવારે જાહેરાત કરી છે.આ પ્રતિષ્ઠિત પુરસ્કારના અગાઉના પ્રાપ્તકર્તાઓમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને લોકપ્રિય ગાયિકા આશા ભોસલેનો સમાવેશ થાય છે.દીનાનાથ મંગેશકર સ્મૃતિ પ્રતિષ્ઠાન દ્વારા ૬ ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ દિવંગત ભારત રત્ન પુરસ્કાર વિજેતા અને સુપ્રસિદ્ધ ગાયિકા લતા મંગેશકરની યાદમાં સ્થાપિત, લતા દીનાનાથ મંગેશકર પુરસ્કાર અન્ય ઘણી વ્યક્તિઓને પણ તેમના સંબંધિત ક્ષેત્રોમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન માટે એનાયત કરવામાં આવ્યો હતો.

માસ્ટર દીનાનાથ મંગેશકર પુરસ્કારથી અન્ય કેટલાકને સન્માનિત કરવાનું નક્કી કર્યું છે. જેમાં સંગીત નિર્દેશક એ.આર. રહેમાન અને સંગીત માટે પીઢ મરાઠી અભિનેતા અશોક સરાફ, ફિલ્મો માટે પદ્મિની કોલ્હાપુર, ભારતીય સંગીત માટે ગાયક રૂપકુમાર રાઠોડ, મરાઠી થિયેટર માટે અભિનેતા અતુલ પરચુરે અને સાહિત્ય માટે નિવૃત્ત શિક્ષક અને લેખિકા મંજીરી ફડકે. વધુમાં, અભિનેતા, નિર્માતા અને દિગ્દર્શક રણદીપ હુડાને સિનેમામાં તેમના યોગદાન બદલ વિશેષ પુરસ્કાર મળ્યો હતો.

મરાઠી નાટક ગાલિબને શ્રેષ્ઠ નાટક માટે મોહન વાળા એવોર્ડ મળશે. દિપસ્તંભ ફાઉન્ડેશનનો મનોબલ પ્રોજેક્ટ, જે વિકલાંગ વ્યક્તિઓ, અનાથ અને આર્થિક રીતે વંચિત વિદ્યાર્થીઓને રહેણાંકની તાલીમ પૂરી પાડે છે, તેને તેની ઉત્કૃષ્ટ સામાજિક સેવા માટે ઓળખવામાં આવશે.

એવોર્ડની જાહેરાત દરમિયાન પ્રેસને સંબોધતા સંગીત નિર્દેશક હૃદયનાથ મંગેશકરે જણાવ્યું હતું કે છેલ્લા ૩૪ વર્ષોમાં વિવિધ ક્ષેત્રોની ૨૧૨ પ્રતિષ્ઠિત હસ્તીઓનું સન્માન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ગાયિકા ઉષા મંગેશકર, હૃદયનાથના પુત્ર આદિનાથ મંગેશકર અને અન્ય મહાનુભાવોએ હાજરી આપી હતી. એવોર્ડ મેળવનારાઓને ૨૪ એપ્રિલે વિલે પાર્લેના દીનાનાથ મંગેશકર નાટ્યગૃહમાં સન્માનિત કરવામાં આવશે.

### સલમાનના ઘરે ફાયરિંગના આરોપીના પિતાએ કહ્યું

# સાગરની સંડોવણી વિશે જાણીને હું ચોંકી ગયો છું...

## સાગર પાલના પિતા રોજમદાર મજૂર છે, તેમણે કહ્યું કે તે એક સામાન્ય વ્યક્તિ છે, તે જાલંધર (પંજાબ)માં કામ કરતો હતો

મુંબઈ, તા.૧૮

સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગ કરવા બદલ ધરપકડ કરાયેલા સાગર પાલના પિતા જોગીન્દર શાહે જણાવ્યું હતું કે આ ઘટનામાં તેમના પુત્રની સંડોવણી વિશે જાણીને તેઓ ચોંકી ગયા હતા. તેણે કહ્યું કે મને સોશિયલ મીડિયા પરથી માહિતી મળી છે કે સાગર આ કેસમાં સામેલ છે. હું આનાથી એકદમ આશ્ચર્યચકિત છું. તેણે કહ્યું કે અમને ખબર નથી કે આ કેવી રીતે થયું. તે અગાઉ ક્યારેય કોઈ ગુનામાં સંડોવાયેલ ન હતો.તમને જણાવી દઈએ કે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે રવિવારે સલમાન ખાનના બાંદ્રા ઘરની બહાર ફાયરિંગ કરવાના મામલે ગુજરાતના કચ્છમાંથી બિહારના પશ્ચિમ ચંપારણ જિલ્લાના મહસી ગામના રહેવાસી સાગર પાલ (૨૧) અને વિકી ગુપ્તા (૨૪)ની ધરપકડ કરી છે .પીટીઆઈ અનુસાર, સાગર પાલના પિતા રોજીરોટી મજૂર છે, તેમણે કહ્યું કે તે એક સામાન્ય વ્યક્તિ છે. તે જલંધર (પંજાબ)માં કામ કરતો હતો, તેને ખબર નથી કે સાગર મુંબઈ કેવી રીતે પહોંચ્યો. મુંબઈ પોલીસના જણાવ્યા અનુસાર, સલમાન ખાનના ઘરની બહાર ૫ રાઉન્ડ ફાયરિંગ કરીને સાગર પાલ અને વિકી ગુપ્તા ભાગી રહ્યા હતા. તેને સોમવારે રાત્રે ગુજરાતના કચ્છ જિલ્લાના એક ગામમાંથી ઝડપી લેવામાં આવ્યો હતો. પશ્ચિમ ચંપારણના પોલીસ અધિક્ષક ડી અમરેશે જણાવ્યું કે આરોપીના પરિવારના કોઈ સભ્યની ધરપકડ કરવામાં આવી નથી.મળતી માહિતી મુજબ, ધરપકડ પહેલા બંને આરોપીઓએ પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરતી વખતે અને પોલીસથી બચવા માટે અનેક રૂટ બદલી નાખ્યા હતા. આ રીતે બંને આરોપીઓ મુંબઈથી ગુજરાતના ભુજ ભાગી ગયા હતા. પ્રારંભિક પૂછપરછ દરમિયાન, બંને આરોપીઓએ મુંબઈ પોલીસને જણાવ્યું હતું કે ફાયરિંગની ઘટના પછી, તેઓએ માઉન્ટ મેરી ચર્ચ પાસે ટુ-વ્હીલરને ફેંકી દીધું હતું અને બાદમાં બાંદ્રા રેલ્વે સ્ટેશન પહોંચવા માટે ઓટોરિક્ષા લીધી હતી. બાંદ્રા સ્ટેશનથી, આરોપી બોરીવલી જતી લોકલ ટ્રેનમાં ચઢ્યો અને બાંદ્રાથી બીજા સ્ટોપ પર આવેલા સાંતાક્રુઝ રેલ્વે સ્ટેશન પર ઉતર્યો. સાંતાક્રુઝથી તેઓ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે તરફ પગપાળા આગળ વધ્યા. જ્યારે વાકોલાથી આરોપી સુરત તરફ રવાના થયો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે સુરતમાં તેણે પિસ્તોલ તળાવમાં ફેંકી દીધી હતી અને પછી રેલ્વે સ્ટેશન ગયો હતો, પરંતુ ભુજ માટે કોઈ ટ્રેન મળી ન હતી.તેથી, તેણે અમદાવાદ, ગુજરાત પહોંચવા માટે બસ લેવાનું નક્કી કર્યું. અમદાવાદથી ફરી ભુજ જવા બસ પકડી. આરોપીઓ કચ્છના માતા નો માધ ગામમાં એક મંદિરમાં સંતાયા હતા.

# કેશોદ બન્યું રામમય : ભવ્ય શોભાયાત્રામાં વિવિધ ઝાંખી સાથે મોટી સંખ્યામાં ભકતો જોડાયા





(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૧૮

કેશોદ શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ દ્વારા રામનવમી નિમિત્તો ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. સૌરાષ્ટ્રમાં સૌથી મોટી શોભાયાત્રા કેશોદ શહેરમાં નીકળતી હોય છે.

કેશોદના માંગરોળ રોડ પરથી રામલલ્લાની આરતી ઉતારી જય શ્રી રામના નાદ્ સાથે શોભાયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કેશોદના વિવિધ સંસ્થાઓ અને જ્ઞાતિ સમાજ દ્વારા વાહનોમાં વિવિધ ઝાંખીઓ તૈયાર કરી શોભાયાત્રામાં જોડાયાં હતાં. કેશોદ શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર હોડિંગ્ઝ, બેનરો, ભગવા ધ્વજ, સુશોભિત ગેઈટ ઉપરાંત લાઈટ ડેકોરેશન કરવામાં આવતાં સમગ્ર શહેર રામમય બની ગયું હતું.

કેશોદના મુખ્ય માર્ગો પર શોભાયાત્રા પસાર થતાં વિવિધ સંસ્થાઓ મંડળો દ્વારા શરબત નાસ્તો ફરાળ ભકતો માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. કેશોદમાં વિશ્ર્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ દ્વારા રામનવમી નિમિત્તે કાઢવામાં આવેલ ભવ્ય શોભાયાત્રામાં પાચ ડીજે રાખવામાં આવ્યાં હતાં અને ડીજે ના તાલે રાસગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી. અયોધ્યા ખાતે રામલલ્લાનીજ મંદિર ખાતે બિરાજમાન થયા બાદ પ્રથમ રામનવમી નિમિત્તો શ્રધ્ધાળુઓમા અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. કેશોદ તાલુકાનાં બાલાગામ સહિત ગ્રામ્ય વિસ્તારોમાં પણ વિવિધ ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરી રામનવમીની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. કેશોદ શહેરમાં દરેક ધંધા રોજગાર સાથે સંકળાયેલા વેપારીઓ દ્વારા સ્વૈચ્છિક ધંધા રોજગાર બંધ રાખવામાં આવ્યાં હતાં. કેશોદ પોલીસ વિભાગના ડીવાયએસપી બી. સી. ઠકકરના માર્ગદર્શન હેઠળ કેશોદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર અનિરૂધ્ધસિંહ ગોહિલ દ્વારા રામનવમી નિમિત્તો પુરતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# દ્વારકામાં રામનવમી પર્વ નિમિત્તે ભવ્ય શોભાયાત્રા નગરના રાજમાર્ગોમાં ઠેર ઠેર ભવ્ય સ્વાગત





(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૧૮

દ્વારકામાં વિશ્વ હિન્દુ સંગઠન, બજરંગ દળ તેમજ સનાતન ધર્મની હિન્દુ ધર્મપ્રેમી જનતા દ્વારા રામનવમી પર્વ નિમિત્તે સાંજે ૫:૦૦ કલાકે સંકિર્તન મંદિરે સૌપ્રથમ રામ ભગવાનને નમન કર્યા બાદ ભવ્ય શોભાયાત્રા નીકળી હતી જે મહાજન બજાર,શાક માર્કેટ ચોક, હોમગાર્ડ ચોક,તિનબતી ચોક, ખારવા દરવાજા,જોધાભા માણેક પ્રતિમા, મોચી બજાર, મંદિર ચોક,નિલકંઠ ચોક,હોળી ચોક, મહાજન બજાર થઈ પુનઃ રામધૂન સંકિર્તન મંદિરે શીશ નમાવી પૂર્ણ કરવામાં આવી હતી શોભાયાત્રાના માર્ગમાં ઠેરઠેર લોકો દ્વારા રામભક્તોનું સ્વાગત કરાયું હતું.

# ભાણવડના ગ્રામ્ય વિસ્તારોમાં એક જ દિવસમાં બે મગર કરાયા રેસ્કયુ





(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૮

ભાણવડના નવાગામ ખાતે નદીની નજીક ગામ વિસ્તારમાં અને ઝારેરા ગામે એક ખેડૂતની વાડીમાં ગત મોડી રાત્રે મગરે દેખા દેતા આ બંને સ્થળેથી ભાણવડના વન વિભાગ અને એનિમલ લવર્સ ગૃપને જાણ કરાઈ હતી.

આ અંગેની જાણ થતાં વન વિભાગના ફોરેસ્ટર ખીમભાઈ ચાવડા, રામદેભાઈ કોટા અને એનિમલ લવર્સના અશોકભાઈ ભટ્ટ, હુસેનભાઈ ભટ્ટી તુરંત આ બંને જગ્યાએ દોડી ગયા હતા અને લાંબી જહેમત બાદ મગરને રેસ્કયુ કરી, નજીકના બરડા ડુંગરના પ્રાકૃતિક આવાસમાં મુકત કરાયા હતા.

આ સ્થળ પર હાજર લોકોને આવા કોઈ વન્યજીવ કે સરીસૃપ આસપાસ જોવા મળે તો તેને હેરાન કરવા કે મારવા નહિ પરંતુ રેસ્ક્યુ કરાવવા સંસ્થા દ્વારા અપીલ કરાઈ હતી.

# આદિત્યાણામાં રામનવમી પર્વની ઉજવણી : શોભાયાત્રા યોજાઈ





(પ્રકાશ પંડિત દ્વારા)

આદિત્યાણા તા.૧૮

ગઈકાલે રામજન્મ રામનવમી પ્રસંગે આદિત્યાણામાં ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું. બપોરના ૪ કલાકે શણગારે ઉંટો, અશ્વો અને સેંકડોની સંખ્યામાં ભાઈઓ-બહેનો આ શોભાયાત્રામાં ઉમટી પડેલ હતા. વેપારી ભાઈઓએ ગામની દુકાનો બપોર પછી બંધ રાખી આ શોભાયાત્રામાં જોડાયેલ હતા. શોભાયાત્રાની શરૂઆત મહેર અગ્રણી ભીમભાઈ દુલાભાઈ ઓડેદરાએ રામચંદ્રજીના ફોટાને ફુલહાર કરી દિપ પ્રગટાવી કરેલ હતી. આ શોભાયાત્રામાં ધીરૂભાઈ કેશવાલા, લખમણભાઈ ઓડેદરા, આનંદ ઓડેદરા, માધવ પંડિત, ભરતભાઈ કારાવદરા સહિતના અગ્રણીઓ જોડાયેલ હતા. આ ઉપરાંત શોભાયાત્રામાં દિવાળી ઉપર ફુટતા ફટાકડાથી પણ વધુ ફટાકડા ફુટેલ અને જય જય શ્રી રામના નારાઓથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું. આ શોભાયાત્રાને સફળ બનાવવા શ્રી રામ ગ્રુપના યુવાનો ગુલાબ જોષી, ભરત રાણા, રાજ કારાવદરા, રાજાભાઈ રબારી, અશ્વીન ડાકી, રાજેશ રાઠોડ વગેરેએ જહેમત ઉઠાવેલ હતી.

# રામ નવમી નિમિત્તે શ્રી ઠાકોરજીનું દિવ્ય ષોડશોપચાર પૂજન





(પ્રતિનિધી દ્વારા) સાળંગપુર તા.૧૮ : વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ એવં શતામૃત મહોત્સવ સાળંગપુરધામ ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી રામ નવમી નિમિત્તે શ્રીહરિ મંદિરમાં સાંજે ૦૫:૩૦ કલાકે શ્રી ઠાકોરજીનું દિવ્ય ષોડશોપચાર પૂજનનું આયોજન કરવામાં આવ્યુ હતું. ફૂલોનો શણગાર સાથોસાથ ફળ,પુષ્પ, ડ્રાયફ્રુટ વિગેરે ધરવવામાં આવ્યા હતા, પુષ્પવર્ષા કરવામાં આવેલ, સાંજે ૬:૪૫ કલાકે ઠાકોરજીની સંધ્યા આરતી પ.પૂ.શ્રી હૃદયપ્રકાશ સ્વામી દ્વારા કરવામાં આવી હતી, હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ.

# ખંભાળિયા બન્યું રામમય... ઠેર ઠેર વિવિધ કાર્યક્રમો યોજાયા





(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૮


મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રી રામના જન્મોત્સવ પર્વ રામનવમીની ગઈકાલે ખંભાળિયામાં અનેરા ઉમંગ ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સવારથી શહેરમાં ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો.

દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશ્વ હિન્દુ પરિષદ તેમજ બજરંગ દળના સંયુક્ત ઉપક્રમે ગઈકાલે બુધવારે સાંજે ભગવાન શ્રીરામની પરંપરાગત શોભાયાત્રાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રા શહેરના વિવિધ રાજમાર્ગો પર ફરી, રાત્રે શ્રી રામ મંદિર ખાતે પૂર્ણ થઈ હતી. માર્ગમાં વિવિધ મંડળો તેમજ આગેવાનો, હોદ્દેદારો દ્વારા આ શોભાયાત્રાનું સ્વાગત સન્માન કરાયું હતું. શોભાયાત્રાના માર્ગોને સુશોભિત કરાયા હતા અને રામ ભક્તોએ ભગવાન શ્રી રામનો ગગનભેદી જયઘોષ કર્યો હતો.

આ પ્રસંગે અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ ભગવાન શ્રીરામની આરતી કરી હતી. અહીંના રામ મંદિર ખાતે અયોધ્યાની પ્રતિકૃતિ જેવા રામલલ્લાને બિરાજમાન કરાયા હતા. જેના દર્શનનો લાભ મોટી સંખ્યામાં નગરજનોએ લીધો હતો.

અહીંના નગર ગેઈટ પાસે આવેલા પ્રાચીન એવા શ્રી રામ મંદિર ખાતે અયોધ્યામાં રામ મંદિર ખાતે સ્થાપિત ભગવાન શ્રીરામ જેવી જ આબેહૂબ પ્રતિકૃતિ અહીં સ્થાપિત કરવામાં આવી હતી. રોશની તેમજ સંગીતસભર આ દર્શનનો લાભ ખૂબ મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતાએ લઈ અને ભાવવિભોર થયા હતા. સાંજે ભવ્ય મહા આરતીમાં અહીંના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા સાથે મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતાએ જોડાઈને આસ્થા વ્યક્ત કરી હતી. આ આયોજન માટે સતવારા જ્ઞાતિના આગેવાનો તેમજ કાર્યકરોએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી.

# ખંભાળિયા પાલિકામાં મહેકમ ખર્ચ વધતા કર્મીઓનું પગાર પંચ સ્થગિત કરવાના મુદ્દે પાલિકાના કર્મચારીઓ લડી લેવાના મૂડમાં



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૮

ખંભાળિયા નગરપાલિકાનું મહેકમ ખર્ચ વધવાના કારણે પાલિકાના ખર્ચમાં ઘટાડો કરવાના ભાગરૂપે કર્મચારીઓનું સાતમું પગાર પંચ સ્થગિત કરીને તેમને હાલના પગારના બદલે જૂનો પગાર પંચ આપવાની હિલચાલ શરૂ થતા કર્મચારીઓમાં વિરોધની લાગણી ફેલાઈ છે.

ખંભાળિયા નગરપાલિકામાં ગત નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના વર્ષ દરમ્યાન નગરપાલિકાનું મહેકમ ખર્ચ ૪૮ ટકા થી વધીને ૬૯ ટકા જેટલુ થઈ જતાં પાલિકાના કર્મચારીઓને મળતુ સાતમું પગાર ધોરણ પરત ખેંચી લેવાની તજવીજ સામે ખંભાળીયા પાલિકાના કર્મચારીઓ લડી લેવાના મૂડમાં છે!

આ મુદ્દે રાજ્ય સફાઈ કર્મચારી મહામંડળના મહામંત્રી રમેશભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે નગરપાલિકામાં રોજમદાર કર્મચારીની સંખ્યા વધવાના કારણે મહેકમ ખર્ચ વધવાના બહાના હેઠળ કર્મચારીઓનું પગાર ધોરણ પરત ખેંચી શકાય નહી.

નગરપાલિકાઓમાં નિયત થયેલ મહેકમ ખર્ચની મર્યાદા જાળવવાની જવાબદારી ગુજરાત નગરપાલિકા અધિનિયમ - ૧૯૬૩ કલમ - ૪૯ ની જોગવાઈઓ અનુસાર નગરપાલિકાના ચીફ ઓફિસરની ફરજમાં આવતી જવાબદારી સાથેની વૈધાનિક બાબત છે. જે ફરજ અને જવાબદારી નિભાવવામાં નગરપાલિકા તંત્ર નિષ્ફળ રહ્યા હોવાના કારણે નગરપાલિકામાં નાણાકીય કટોકટી ઊભી થઈ છે

રાજયના નગરપાલિકા નિયામક દ્વારા તા. ૪ ફેબ્રુઆરી ૨૦૨૪ ના પરિપત્રથી રાજયની નગરપાલિકાઓમાં મહેકમ ખર્ચની મર્યાદા જાળવવા માટે વિસંગતતા ભર્યા મનાતા પરીપત્ર કરેલ છે, જે પરિપત્રના આધારે નગરપાલિકાના કર્મચારીઓને મળતુ પગારધોરણ માર્ચ ૨૦૨૪ થી સ્થતિગત (રદ) કરવાનું નક્કી કરાયું છે.પરંતુ નગરપાલિકા આ પરિપત્ર સામે ભૂતકાળમાં નામદાર ગુજરાત હાઈકોર્ટેમાં જુદી જુદી અપીલો થઈ હતી. જેમા હાઈકોર્ટે દ્વારા સરકારનાં ઉપરોક્ત પરિપત્રમાં મહેકમ ખર્ચની ગણતરીમાં રોજમદાર કર્મચારીઓ કે કરાર આધારિત કર્મચારીઓ વિગેરે પ્રકારના કર્મચારીઓનું પગાર ખર્ચ મહેકમમાં ન ગણવા અને માત્ર મંજુર થયેલા મહેકમ પરના કાયમી નિયુક્ત કર્મચારીઓના પગાર ખર્ચને જ મહેકમ ખર્ચમાં ગણવા તેવા પ્રકારનો ચુકાદો હોવા છતાં નગરપાલિકા દ્વારા મહેકમ ખર્ચના કથિત રીતે મુદ્દે બિનજરૂરી ખોટા અર્થ ઘટનો કરીને નગરપાલિકાના કર્મચારીઓ અને પેન્શનરોનું સાતમા પગાર ધોરણ સ્થગિત રદ કરવાની થઈ રહેલ તજવીજને ગુજરાત સફાઈ કામદાર મહામંડળના પ્રદેશ મહામંત્રી રમેશ વાઘેલા દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટેમાં પડકારવા તજવીજ કરવામાં આવી છે.

# કાળજાળ ગરમીમાં લોકો ગરમીથી બચવા માટે કોલ્ડ્રીંકસનો સહારો લઈ રહયા છે





જૂનાગઢ તા. ૧૮

હાલમાં ઉનાળો પુરબહારમાં શરૂ થઈ ગયો છે. જૂનાગઢ શહેરમાં છેલ્લા બે દિવસથી તાપમાનનો પારો ૪૨ ડીગ્રીની આસપાસ પહોંચી ગયો છે. અને હજુ આગામી દિવસોમાં પણ તાપમાન વધશે તેવી આગાહી છે. ત્યારે લોકો ગરમીથી બચવા માટે વિવિધ ઉપાયો અજમાવી રહયા છે.

ખાસ કરીને કાળજાળ ગરમીમાં લોકો તરસ છીપાવવા ઠંડા પાણી ઉપરાંત કોલ્ડ્રીંકસનો સહારો લઈ રહયા છે. પ્રસ્તુત તસ્વીરમાં તરસ બુજાવી રહેલા લોકો દર્શાય છે. (તસ્વીર : જયેશ મહેતા)

# જૂનાગઢ લોકસભાની બેઠક માટે કોંગ્રેસના હીરાભાઈ જોટવાએ ઉમેદવારી નોંધાવી

## દોમડીયા વાડી ખાતે સભા બાદ પરિવર્તન સંકલ્પ રેલી યોજી અને ટેકેદાર સમર્થકોની ઉપસ્થિતિમાં નામાંકન રજુ કર્યું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

લોકસભાની બેઠક માટે ઉમેદવારી પત્રક નોંધાવવાના આજ અને આવતીકાલ બે દિવસ બાકી રહ્યા છે ત્યારે ગુજરાતની ૨૬ લોકસભાની બેઠક ઉપર ઉમેદવારી પત્રક ભરવાની પ્રક્રિયા વધુ વેગવાન બની છે. જૂનાગઢ લોકસભાની બેઠકના કોંગ્રેસના ઉમેદવાર હિરાભાઈ જોટવાએ આજે એક વિશાળ પરિવર્તન સંકલ્પ પદયાત્રા યોજી અને ટેકોદારો અને સમર્થકોની ઉપસ્થિતિમાં વિધીવત રીતે પોતાની ઉમેદવારી નોંધાવી હતી. કાર્યકર્તાઓએ હીરાભાઈ તુમ આગે બઢો હમ તુમારે સાથ હૈના નારા લગાવ્યા હતા.

સોરઠ પંથકની અતિ મહત્વની જૂનાગઢ લોકસભાની બેઠક માટે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે સીધા જંગના મંડાણ છે. ગત તા.૧૬ના રોજ ભાજપના ઉમેદવાર રાજેશ ચુડાસમાએ સમર્થકોની હાજરીમાં પોતાની ઉમેદવારી નોંધાવી હતી. જયારે આજે કોંગ્રેસના ઉમેદવાર હીરાભાઈ જોટવાએ આજે સવારે દોમડીયા વાડી ખાતે શહેર જીલ્લાના કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ અગ્રણીઓ, કાર્યકર્તાઓ, હિતચિંતકો, શુભેચ્છકોની વિશાળ હાજરી વચ્ચે દોમડીયા વાડી ખાતે ઉપસ્થિત રહ્યા હતા અને સભા બાદ ત્યાંથી એક રેલી યોજવામાં આવી હતી. સમર્થકોની સાથે રોડ શોની શરૂઆત દોમડીયા વાડી કોલેજ રોડથી કરવામાં આવી હતી. કાળવા ચોક, એમજી રોડ, આઝાદ ચોક, ચીતાખાના ચોક, ગાંધીચોક, બસ સ્ટેન્ડ, ઝાંસીની રાણીના સર્કલ થઈને કલેકટર કચેરીએ પહોંચી હિરાભાઈ જોટવાએ પોતાનું ઉમેદવારી પત્રક રજુ કર્યું હતું. કોંગ્રેસના ઉમેદવાર હીરાભાઈ જોટવાએ ચાર કિલોમીટરનો રોડ શો પદયાત્રા કરીને યોજયો હતો અને ઠેર-ઠેર તેઓને આવકારવામાં આવ્યા હતા. કાર્યકર્તાઓમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આહિર સમાજના અડીખમ નેતા અને જાહેર જીવનમાં દરેક વર્ગમાં સારી એવી ચાહના ધરાવનાર હીરાભાઈ જોટવાએ કોંગ્રેસ તરફથી જૂનાગઢની લોકસભાની બેઠક ઉપર જયારે ઉમેદવારી નોંધાવી છે ત્યારે તેઓને પ્રચંડ જન સમર્થન મળી રહ્યું છે.

(તસ્વીર : રમેશ રાઠોડ)

# જૂનાગઢમાં 'જય જય શ્રી રામ'ના જય ઘોષ સાથે ભવ્ય શોભાયાત્રા યોજાઈ



## 'રામનવમી' પર્વ પ્રસંગે આરાધ્ય દેવ ભગવાન શ્રી રામલલ્લાના પ્રગટય દિનને ઉમંગભેર આવકારતા ભાવિકો : ઠેર-ઠેર વધામણા સાથે શોભાયાત્રાનું કરાયું સ્વાગત

(પ્રતિનિધિ દ્વારા)


જૂનાગઢ તા.૧૮

મર્યાદા પુરૂષોતમ ભગવાન શ્રી રામચંદ્રજીના પ્રાગટઠય દિન એટલે કે ચૈત્રસુદ-૯ 'રામનવમી'ના પર્વની ગઈકાલે જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ઉત્સાહભેર, ઉમંગભેર ભાવપુર્વક ઉજવણી કરવામાં આવી હતી. જૂનાગઢ શહેરમાં ગઈકાલે ભગવાન શ્રી રામલલ્લા નગરચર્યાએ નીકળ્યા હતા અને ઠેર-ઠેર સ્વાગત સાથે વધામણા કરવામાં આવ્યા હતા. દર વર્ષની જેમ આ વર્ષે પણ હરીઓમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભગવાન શ્રી રામચંદ્રજીના પ્રાગટય દિન નિમીતે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરકોટ રોડ ઉપર આવેલા રામ મંદિરથી એક ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. મોટી હવેલીના પુ. પિયુષબાવાના હસ્તે પ્રસ્થાન કરાયું હતું. સંતો, અગ્રણીઓ, ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વાજતે ગાજતે નીકળેલી ભગવાન શ્રી રામલલ્લાની આ શોભાયાત્રા શહેરના રાજમાર્ગો ઉપર ફરી હતી. જયાં ઠેર-ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જૂનાગઢ શહેરમાં મુખ્ય માર્ગો ઉપર જયાં જયાં શોભાયાત્રા પસાર થઈ હતી. ત્યાં મંડપો ઉભા કરી અને જય શ્રી રામના જયઘોષ સાથે સરબત વિતરણ સાથે પ્રસાદ વિતરણ થયું હતું. ભગવાન શ્રી રામલલ્લાની આ શોભાયાત્રામાં આકર્ષક ફલોટ, ઝાંખીઓ, રાસ મંડળી, ધૂન મંડળી જોડાયા હતા. શહેરના માર્ગો ઉપરથી પસાર થઈ આ શોભાયાત્રા જવાહર રોડ ઉપર આવેલા ચૈતન્ય બાલા હનુમાન મંદિરે સંપન્ન થઈ હતી. શોભાયાત્રામાં આકર્ષક ફલોટ અને જે ઝાંખી જોડાયા હતા તેઓને પુરસ્કાર આપી સન્માનીત કરાયા હતા. જૂનાગઢ શહેરના વિવિધ વિસ્તારો, સોસાયટીઓમાં પણ અવનવા શણગાર, ધજા, પતાકા લહેરાવાયા હતા અને રામનવમીની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત રામભકત હનુમાનજીના મંદિરો, રામજી મંદિર તથા દેવમંદિરોમાં પણ રામ નવમી મહોત્સવની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી અને સવારથી જ પૂજન અર્ચન, આરતી, મહાપૂજા, પ્રસાદ જેવા કાર્યક્રમો ઉત્સાહભેર યોજવામાં આવ્યા હતા. જૂનાગઢ શહેર તથા જીલ્લામાં રામવનમી પર્વની ભાવભેર ઉઝવણી કરવામાં આવી હતી અને જય જય શ્રી રામનો જય ઘોષ ગુંજી ઉઠયો હતો. રામનવમી પર્વની જૂનાગઢ શહેર તથા જીલ્લામાં શાંતીપુર્ણ ઉજવણી થાય તે માટે જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ ગુજરાત ચુસ્ત બંદોબસ્ત ગોઠવી અને પોલીસ વિભાગ દ્વારા પ્રસંશનીય કામગીરી કરી હતી.

(તસ્વીર : ધીરૂ સોની)

### તાપમાનનો પારો ૪૨ ડિગ્રી પાર થવાની સાથે ગરમીએ તોડયો રેકોર્ડ

# આજે જૂનાગઢમાં ઓરેન્જ એલર્ટ : ગરમીના આક્રમણ સામે સાવચેત રહેવા અપીલ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ સહિત રાજયમાં ગરમીએ જોરદાર આક્રમણ કરી અને તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને પાર કરી દીધો છે. ગઈકાલે ગુજરાત ગુજરાતના પાંચ શહેરોમાં તાપમાન ૪૩ ડિગ્રીએ પહોંચી ગયું હતું અને જૂનાગઢ શહેરનું તાપમાન ૪૨ ડિગ્રી રહ્યું હતું. જેને લઈને જનજીવન પ્રભાવિત બન્યું હતું. લુ ફેંકતી ગરમી અને આકાશમાંથી થતી અગન વર્ષાને કારણે બપોરના સમયે બજારો સુમસામ બની ગયા હતા. લોકો કામ સિવાઈ બહાર નીકળવાનું પસંદ કરતા ન હતા. એપ્રિલ માસની શરૂઆત સાથે ગરમીનું પ્રમાપણ દિવસે દિવસે વધી રહ્યું છે. એટલું જ નહી એપ્રિલના અંતિમ દિવસોમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે. ત્યારે છેલ્લા ત્રણ દિવસ થયા ગરમી આક્રમણ બનીને ત્રાટકી રહી છે. સવારથી જ સખ્ત ગરમી છવાયેલી રહી છે અને બપોરના ૧૨થી ૬ દરમ્યાન તો કરફર્યુ જેવું વાતાવરણ સર્જાઈ છે.

અતિશય તાપ, લુ અને અંગ દજાડતી ગરમી વચ્ચે લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. ગઈકાલે જૂનાગઢનું રાત્રીનું તાપમાન સતત બીજા દિવસે ૨૯ ડીગ્રી રહ્યું હતું. ગઈકાલે સવારથી જ બફારો અને ઉકાળટે માઝા મુકી હતી અને બપોરે જૂનાગઢના મહતમ તાપમાનનો પારો ૪૨ ડીગ્રીને પાર થઈ ગયો હતો. બીજી તરફ મોડી સાંજ સુધી ગરમ પવનનું સામ્રાજય રહેતા છેક રાત્રે થોડી ઘણી રાહત અનુભવાઈ હતી. આકાશ સ્વચ્છ થઈ જતા ગરમીનું જોર વધવાની અને તાપમાન ૪૪ ડિગ્રી સુધી પહોંચવાની શકયતા વચ્ચે આજે જૂનાગઢમાં ઓરેન્જ એલર્ટની સ્થિતિ છે.

# અમદાવાદની સીમ્સ હોસ્પિટલમાં આજે જૂનાગઢના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્ર મશરૂની બાયપાસ સર્જરી

## ડો. ધિરેન શાહ, ડો. મિલન ચગ અને ડો. ધવલ નાયકની દેખરેખ હેઠળ બાયપાસની સર્જરી થશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

લોહાણા મહાજનના પ્રમુખ જલારામ સેવા ટ્રસ્ટના પ્રમુખ તેમજ પૂર્વ મેયર અને પૂર્વ ધારાસભ્ય મહેન્દ્ર મશરૂનું આજે અમદાવાદની જાણીતી હોસ્પિટલ સીમ્સમાં બપોરે ૨ વાગે બાયપાસ સર્જરીનું કરવામાં આવનાર છે તેમ જાણવા મળે છે.

અનેક સેવાભાવી સંસ્થા સાથે અને સેવાકીય પ્રવૃતિ સાથે જોડાયેલા લોહાણા સમાજના પ્રમુખ તેમજ જલારામ સેવા ટ્રસ્ટના પ્રમુખ, સર્વોદય દવા ફંડના પ્રમુખ તેમજ લોહાણા મહાજનના પ્રમુખ અને જૂનાગઢ મહાનગરપાલિકાના પ્રથમ મેયર એટલે કે હાલના પૂર્વ મેયર તેમજ જૂનાગઢના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્ર મશરૂને હાલ અમદાવાદની પ્રખ્યાત સીમ્સ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. પૂર્વ ધારાસભ્ય મહેન્દ્ર મશરૂની તબીયત અંગે સૌપ્રથમ જૂનાગઢમાં જાણીતા ડો. વાજાના દેખરેખ હેઠળ સારવાર આપવામાં આવી હતી અને ત્યારબાદ કે.જે. હોસ્પિટલમાં એનજીઓગ્રાફીનો રિપોર્ટ કઢાવવામાં આવ્યો હતો અને ડોકટરોના અભિપ્રાય મુજબ તેમને બાયપાસની સર્જરી માટે મંગળવારે સવારે અમદાવાદ સીમ્સ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા અને ત્યાં પ્રાથમિક રિપોર્ટ અને નિદાન કાર્ય બાદ આજે બપોરે ૨ વાગે સીમ્સ હોસ્પિટલમાં ધીરેન શાહ, ડો. મિલન ચગ અને ડો. ધવલ નાયકની દેખરેખ હેઠળ બાયપાસ સર્જરી કરવામાં આવનાર છે.



સીમ્સ હોસ્પિટલ અમદાવાદ ખાતે સારવાર લઈ રહેલા પૂર્વ ધારાસભ્ય મહેન્દ્ર મશરૂની સાથે તેમના નજીકના ટેકદાર અને શુભચિંતક હિમાશુ કારીયા, સમીરભાઈ દિવાન છેલ્લા ત્રણ દિવસથી ખડેપગે સેવા કરી રહયા છે અને આજે ઓપરેશન સમયે ખમીરભાઈ મજમુદાર ખાસ હાજર રહયા છે.

# જૂનાગઢ અને વિસાવદર પંથકમાં સગીર બાળાના અપહરણના ત્રણ બનાવ : પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ અને વિસાવદર પંથકમાં સગીર બાળાના અપહરણના ત્રણ અલગ-અલગ બનાવ બન્યા છે અને જે અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢના મધુરમ આદિત્યનગર, અન્નપૂર્ણા મંદિરની બાજુમાં રહેતા અને મુળ ગામ બાવાના પીપળવાના એક પરિવારની સગીરવયની દિકરીના અપહરણ અંગેની ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ છે. આ પરિવારે મજેઠી ગામના રોહીત અરજણભાઈ ચૌહાણ વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપી સાથે ફરિયાદીની દિકરીની સગાઈ કરેલ હોય દરમ્યાન તેને લલચાવી ફોસલાવી અને લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરી આ કામનો આરોપી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા સી ડીવીઝન પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અપહરણના અન્ય બનાવમાં વિસાવદર તાલુકાના કાલસારી ગામના એક પરિવારની સગીર વયની બાળાને માણંદીયા ગામનો શાહરૂખ શેખીયા નામનો શખ્સ અપહરણ કરી ગયાની ફરિયાદ નોંધાઈ છે જયારે વિછાવડ ગામના એક પરિવારની સગીરવયની બાળાને દિપક પટેલ રહે.મેંદરડા વાળો લલચાવી ફોસલાવી અપહરણ કરી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.